RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 210* Date: 28.05.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દરગાહમાં સ્વસ્તિકના નિશાનવાળી જાળી જ નથી

## સંગઠને જે ફોટા બતાવ્યા એમાં અજમેરના ખ્વાજા પરિસરમાં સાથિયાના નિશાનવાળી કોઈ જાળી નથી



અજમેર,તા.૨૭

વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ બાદ હવે રાજસ્થાનમાં દરગાહ શરીફને હિન્દુ મંદિર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે અજમેરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. એક સંગઠને સ્વસ્તિક ચિહન સાથેના ફોટા શેર કર્યા છે અને જણાવ્યું હતું કે આ જાળી દરગાહ શરીફમાં આવેલી છે. આ નિશાનીના આધારે કહેવામાં આવ્યું હતું કે એ એક હિન્દુ મંદિર છે.

સૂફી સંત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તીની દરગાહમાં કોઈપણ ભાગમાં આવી કોઈ જાળી મળી ન હતી, જેના પર સ્વસ્તિકનું નિશાન બનાવવામાં આવ્યું હોય તેમજ એવા કોઈ પથ્થરો મળ્યા નથી, જેમાં મહારાણા પ્રતાપ સેના સંગઠન દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરમાં નજરે પડે છે. થોડા સમય પહેલાં રાજસ્થાન સરકારે એક પ્રોજેક્ટ હેઠળ દરગાહ નિઝામ ગેટ, અકબરી મસ્જિદ અને ક્વીન મેરી હોઝનો હેરિટેજ લુક પરત કરવામાં આવ્યો હતો. આ ઈમારતોમાં ગમે ત્યાં કોઈપણ પથ્થરમાં આવા કોઈ ચિહ્નો મળ્યાં નથી. ભાસ્કરની ટીમ ગુરુવારે રાત્રે દરગાહ પર પહોંચી હતી અને સમગ્ર પરિસરની તપાસ કરી હતી. એમાં જે વાસ્તવિકતા બહાર આવી હતી એ આ હતી. ગુંબદ શરીફ એટલે કે આસ્તાના શરીફઃ આસ્તાના શરીફની ચારેબાજુ આરસની સુંદર જાળીઓ લાગેલી છે. આ જાળીઓ પણ એ પથ્થરોની નથી, જે મહારાણા પ્રતાપ સેના દ્વારા વાઈરલ ફોટામાં જોવા મળે છે તેમજ અહીં આવા મોટા પથ્થરો પણ નથી. બુલંદ દરવાજોઃ મજબૂત અને મોટા પથ્થરોથી બુલંદ દરવાજો બનેલો છે. આ પથ્થરો પર ક્યાંય જાળી નથી તેમજ આ પથ્થરો પર કોઈક ધાર્મિક પ્રતીક પણ દેખાતાં નથી.

ગુરુવારે, એક સંગઠન મહારાણા પ્રતાપ સેનાએ ભારતની રાષ્ટ્રીય એકતાની સૌથી મોટી નિશાની, મહાન સૂફી સંત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તીની દરગાહને હિન્દુ મંદિર ગણાવીને સનસનાટી મચાવી દીધી છે. આ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજવર્ધન સિંહ પરમારે રાજસ્થાનના મુખ્યમંત્રીને પણ મેમોરેન્ડમ મોકલીને દરગાહનો સરવે કરાવવા જણાવ્યું છે, નહીં તો તેઓ પોતે હજારોની સંખ્યામાં સમર્થકો સાથે અજમેર પહોંચી જશે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે દરગાહની અંદર બારીઓ અને ઘણી જગ્યાઓ પર હિન્દુ ધાર્મિક પ્રતીકો પણ છે, જેમાં સ્વસ્તિકનું નિશાન મુખ્ય છે. આ દાવો થોડી જ વારમાં વાઈરલ થઈ ગયો હતો. બીજી તરફ, દરગાહ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓએ એસપીને ફરિયાદ કરી છે. ધમકી બાદ જિલ્લા પોલીસ અને વહીવટીતંત્ર એલર્ટ થઈ ગયું છે.

એડીએમ સિટી ભાવના ગર્ગ, એડિશનલ એસપી વૈભવ, સીઓ રામઅવતાર અને અન્ય પોલીસ અધિકારીઓએ દરગાહ સંકુલની મુલાકાત લીધી હતી. દરગાહની સુરક્ષા માટે વધારાની પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવી છે. સાઆઈડી ઝોન અને અન્ય સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ પર છે. અખિલ ભારતીય કૌમી એકતા સમિતિના પ્રદેશ પ્રમુખ ડૉ.એ.એસ.ખાન ભારતી અને જિલ્લા પ્રમુખ બદરુદ્દીન કુરેશીએ સી.એમ. અશોક ગેહલોતને કલેક્ટર દ્વારા આવેદનપત્ર મોકલીને ધાર્મિક સ્થળો વિશે અફવા ફેલાવનારા લોકો સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

દરગાહ દીવાન સૈયદ જૈનુઅલ આબેદિન અલી ખાને પણ નિંદા કરી છે. દીવાને એક નિવેદન બહાર પાડ્યું કે ખ્વાજા સાહેબની દરગાહ, જેમાં તમામ ધર્મના લોકો આવે છે. અહીંથી શાંતિ અને પ્રેમનો સંદેશ પહોંચે છે. અંજુમન યાદગારના સદર સુભાન ચિશ્તીએ પણ તેની નિંદા કરી છે. દરગાહ કમિટી સદર અમીન પઠાણે જણાવ્યું હતું કે દરગાહ શરીફ ગંગા જમુની તહઝીબ અને ભારતના તમામ ધર્મો અને સંપ્રદાય માટે પવિત્ર અને આસ્થાનું સ્થાન છે. આ રીતે દરગાહને બદનામ કરવાનું મોટું ષડયંત્ર છે, જેનો હેતુ માત્ર જુઠ્ઠાણાં અને ભ્રમ ફેલાવવાનો છે.

અંજુમન સદર દરગાહના ખાદીમોના મુખ્ય સંગઠન અંજુમન સૈયદ જાદગાનના સદર હાજી સૈયદ મોઈન હુસૈન ચિશ્તીએ એને પાયાવિહોણું અને કોઈ જ આધાર વિનાનું ગણાવ્યું અને કહ્યું કે આવી હરકતથી કરોડો લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. સાડાઆઠસો વર્ષથી ગરીબ નવાઝનો દરબાર છે. અહીં દરેક યુગમાં એના શાસકો આવીને માથું ટેકવતા હતા. આ દરબારથી એટલે કે ગરીબ નવાઝના જીવન સાથે ખુદ્દામ જોડાયેલો છે અને એનું કામ કરી રહ્યો છે. ખ્વાજા સાહેબના દરબારમાં ૭૦% જેટલા હિંદુ ધર્મના લોકો આવે છે. તેઓ માનતા માને છે. જ્યારે માનતા પૂર્ણ થાય ત્યારે શુકરાના ચઢાવવા આવે છે. સેક્રેટરી સૈયદ વાહિદ હુસૈન અંગારાશાહે કહ્યું હતું કે કેટલાક લોકો દેશભરમાં સક્રિય છે, જેઓ શાંતિ નથી ઈચ્છતા.

## દેશમાં ૩૧ મે સુધીમાં ચોમાસું આવી જશે : કેરળથી ચોમાસું ૧૦૦ કિમી દૂર છે

નવીદિલ્હી,તા.૨૭

કેરળમાં ૩૧મી મે કે એ પહેલાં ચોમાસું દસ્તક આપી શકે છે. ગુરુવારે ચોમાસાનો ઉત્તરીય છેડો માલદિવ્સ, દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર દક્ષિણ બંગાળની ખાડી સુધી પહોંચી ગયો છે. ચોમાસું હવે કેરળના તિરુવનંતપુરમ કિનારેથી ૧૦૦ કિમી દૂર છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી બે દિવસમાં ચોમાસું કેરળ તરફ આગળ વધીને લક્ષદ્વીપ પહોંચે એવી શક્યતા છે.

હવામાન વિભાગે અગાઉ કહ્યું હતું કે કેરળમાં ૨૭ મેના રોજ ચોમાસું દસ્તક આપી શકે છે, જ્યારે ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે ચોમાસાની દસ્તકની તારીખ ૨૬ મે દર્શાવી હતી. હવે હવામાન વિભાગનું કહેવું છે કે ચોમાસું ૩૧ મેના રોજ અથવા એ પહેલાં દસ્તક આપી શકે છે. બદલાયેલા સંજોગોમાં સ્કાયમેટે કહ્યું છે કે ચોમાસું સામાન્ય રહેશે, પરંતુ ધમાકેદાર દસ્તકની શક્યતાઓ ઓછી છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દેશના બાકીના ભાગોમાં ચોમાસું નિર્ધારિત તારીખના ત્રણ-ચાર દિવસ પહેલાં કે પછી આવી જશે. બંગાળની ખાડીમાં આવેલા વાવાઝોડા બાદ આ વખતે આંદામાન-નિકોબાર ટાપુઓમાં ચોમાસું નિર્ધારિત તારીખ ૨૨ મેથી એક સપ્તાહ પહેલાં ૧૫ મેના રોજ પહોંચી ગયું છે. હવામાન એજન્સીઓએ જાહેરાત કરી હતી કે ચોમાસું કેરળમાં વહેલી દસ્તક આપશે, પરંતુ બાદમાં માત્ર અસાનીએ જ એનો માર્ગ બદલાયો, પરંતુ મધ્ય અને પૂર્વ ભારતમાં જે પ્રકારનો પ્રી-મોન્સૂન વરસાદની અપેક્ષા કરાતી હતી એ ન થઈ. કેરળના ઘણા ભાગોમાં ચોમાસાનાં વાદળ છવાયેલાં જોવા મળે છે. સીએસએના હવામાન વિભાગના પ્રભારી ડૉ.એસ.એન. સુનીલ પાંડેએ જણાવ્યું, દર વર્ષની જેમ આ વખતે પણ વરસાદ પડશે, પરંતુ એના દિવસો ઓછા રહેશે. તેમણે કહ્યું હતું કે પહેલા ૫૦-૬૦ દિવસ વરસાદ પડતો હતો, હવે માત્ર ૩૫-૪૦ દિવસ જ પડી રહ્યો છે. હવે કોઈ એક જ દિવસમાં ખૂબ જ વધુ વરસાદ પડે છે. આગામી ૫ દિવસ સુધી આકરી ગરમીમાંથી રાહત મળવાની છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસો દરમિયાન છૂટાછવાયા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં ગરમી વધવાની શક્યતા એના કારણે પણ નથી, કારણ કે અહીં બંગાળની ખાડી તરફથી પવનો આવી રહ્યા છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે દેશના સૌથી મોટા ડ્રોન ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું

## લોકોને ટેક્નોલોજીનો ડર બતાવવામાં આવ્યો, અમે લોકો સુધી પહોંચવાનું કામ કર્યું : વડાપ્રધાન




,નવીદિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે દેશના સૌથી મોટા ડ્રોન ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું. પીએમ મોદીએ અહીં ડ્રોન પ્રદર્શન જોયું અને આ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લોકોને મળ્યા. આ દરમિયાન તેમણે અહીં હાજર તમામ લોકોને સંબોધિત પણ કર્યા હતા. જેમાં તેણે કહ્યું હતું કે, હું આ કાર્ય સાથે જોડાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવું છું. આ ટેક્નોલોજીને લઈને જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે ખૂબ જ આશ્ચર્યજનક છે. પીએમે કહ્યું કે પહેલા ટેક્નોલોજીનો ડર દેખાડવામાં આવતો હતો, પરંતુ અમે તેને લોકો સુધી પહોંચાડવાનું કામ કર્યું. ડ્રોન ફેસ્ટિવલને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે આજે ભારત સ્ટાર્ટઅપ પાવર તરીકે ડ્રોન ટેક્નોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આ તહેવાર માત્ર ટેક્નોલોજી વિશે નથી, પરંતુ તે નવા પ્રયોગો પ્રત્યે નવા ભારતના નવા શાસનની અભૂતપૂર્વ હકારાત્મકતાની ઉજવણી પણ છે. આ ૮ વર્ષ પહેલાનો સમય હતો જ્યારે અમે ભારતમાં સુશાસનના નવા મંત્રો અમલમાં મૂકવાનું શરૂ કર્યું હતું. અમે Ease and Living અને Ease of Doing Business ને પ્રાથમિકતા બનાવી છે. સબકા સાથ સબકા વિકાસના મંત્રને અનુસરીને અમે દેશના દરેક નાગરિકને સરકાર સાથે જોડવાનો માર્ગ પસંદ કર્યો. અમે આધુનિક ટેકનોલોજી પર આધાર રાખીએ છીએ.

પીએમ મોદીએ કહ્યું કે, અગાઉની સરકારો દરમિયાન ટેક્નોલોજીને સમસ્યાનો ભાગ માનવામાં આવતી હતી, તેને ગરીબ વિરોધી સાબિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેના કારણે ૨૦૧૪ પહેલા શાસનમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે ઉદાસીનતાનું વાતાવરણ હતું. સૌથી વધુ નુકસાન દેશના ગરીબોને, વંચિતોને, મધ્યમ વર્ગને થયું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પહેલાના જમાનામાં લોકોને અનાજ, કેરોસીન, ખાંડ માટે કલાકો સુધી કતારમાં ઉભા રહેવું પડતું હતું. લોકો ડરતા હતા કે તેઓ તેમના હિસ્સાનો માલ મેળવી શકશે કે નહીં. આજે ટેક્નોલોજીની મદદથી અમે આ ડરને દૂર કર્યો છે. હવે લોકોને વિશ્વાસ છે કે તેમને તેમનો હિસ્સો મળશે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૭૧૦ નવા કેસ, ૧૪ લોકોના મોત

નવીદિલ્હી,તા.૨૭

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ ટકાના ઉછાળા સાથે ૨,૭૧૦ નવા કોરોના કેસ નોંધાયા છે. આ સમયગાળામાં કોરોના વાયરસના કારણે ૧૪ લોકોના મોત થયા છે. આ સાથે દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુઆંક ૫૨,૪,૫૩૯ પર પહોંચી ગયો છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૪૨,૬૦૭,૧૭૭ લોકોએ આ વાયરસને માત આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૨૯૬ લોકો કોરોના વાયરસથી સાજા થયા છે. હાલમાં દેશમાં સક્રિય કેસની સંખ્યા ૧૫,૫૧૪ પર પહોંચી ગઈ છે.

સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૪૧,૦૭૨ રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧,૯૨,૯૭,૭૪,૯૭૩ રસી આપવામાં આવી છે. દેશમાં કોરોના રસી દાખલ કરવાનું અભિયાન તેજ ગતિએ ચાલી રહ્યું છે.

નોંધપાત્ર રીતે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના ??રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયો હતો.

## વડાપ્રધાન મોદી સહિતના દિગ્ગજોએ પંડિત નહેરુને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૨૭

દેશના પ્રથમ અને પૂર્વ પ્રધાન મંત્રીશ્રી પંડિત જવાહરલાલ નહેરુ ની આજે ૫૮ મી પુણ્યતિથિ છે . આ સંદર્ભમાં હાલના પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ટ્વિટ કરવામાં આવ્યું તેણે ટ્વિટમાં લખ્યું છે કે ×પંડિત જવાહરલાલ નેહરુજીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ.× આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ એક વિડીયો શેર કર્યો છે અને લખ્યું છે કે × નિધનના ૫૮ વર્ષ પછી પણ પંડિત જવાહર લાલ નહેરુજીના વિચાર, રાજનીતિ અને આપના દેશ પ્રત્યેનો દ્રષ્ટિકોણ એટલો જ પ્રાયોગિક છે જેટલો ત્યારે તેમના માટે હતો. ભારતના આ અમર પુત્રના મૂલ્ય હંમેશા આપણા કાર્ય અને વિવેકને માર્ગદર્શન કરતાં રહેશે. ગાંધી પરિવારે પંડિત નહેરુને શ્રદ્ધાંજલિ આપી હતી.શાંતિ વન પંડિત જવાહરલાલની સમાધિ સ્થળ ઉપર કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપતા ફોટોને કોંગ્રેસ ના ટ્વિટર એકાઉન્ટ ઉપર પોસ્ટ કર્યો હતો.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ લખ્યું છે કે × પૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ ની પુણ્યતિથિ પર આજે તેમને યાદ કરું છું.× કોંગ્રેસ ના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પણ ટ્વિટ કરીને કહ્યું છે કે × આધુનિક ભારતના નિર્માતા અને ભારતને આર્થિક વિજ્ઞાનિક ઔદ્યોગિક અને વિભિન્ન ક્ષેત્રોમાં આગળ લઈ જવા વાળા ભારતના પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વર્ગીય પંડિત જવાહર લાલ નહેરુજીને એમની પુણ્યતિથિ ઉપર શત-શત નમન.

### ક્ષત્રિય મહાસભાનો હુંકાર

## મહારાણા પ્રતાપ જંયતિ પર તમામ કાર્યક્રમોમાં ગુલાબચંદ કટારિયાનો બહિષ્કાર કરવામાં આવશે

ઉદયપુર,તા.૨૭

મહારાણા પ્રતાપ જયંતિ પર ક્ષત્રિય મહાસભા તરફથી યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં આ વખતે ઉદયપુરના ધારાસભ્ય અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ગુલાબચંદ કટારિયાનો બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી છે.કટારિયાને મહાસભા તરફથી આયોજીત કોઇ પણ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવશે નહીં આ વિરોધનું કારણ એ છે કે કટારિયાએ ગત રાજસમંદ પેટાચુંટણી દરમિયાન મહારાણા પ્રતાપને લઇ કહેવાતી રીતે અમર્યાદિત ભાષાનો પ્રયોગ કર્યો હતો.મહાસભા તરફથી એ ચેતવણી આપવામાં આવી છે કે આ કાર્યક્રમોમાં કયાંય પણ કટારિયા જોવા મળશે તો તેમનો વિરોધ થાય તે નક્કી છે.એ યાદ રહે કે મહારાણા પ્રતાપ જયંતિ બે જુને છે. ક્ષત્રિય મહાસભાના મહામંત્રી તનવીર સિંહ કૃષ્ણાવતે આ ચેતવણી આપી છ.ા પહેલા ઉદયપુર ડિવિજનની બેઠકમાં છ જીલ્લાથી આવેલા પદાધિકારીઓએ પણ એ વાત પર સહમતિ વ્યક્ત કરી છે કે કટારિયાને કોઇ પણ કાર્યક્રમમાં બોલાવવામાં આવે નહીં પ્રતાપ જંયતિ પ્રસંગ પર આ વખતે તાલુકા સ્તરીય કાર્યક્રમ આયોજીત કરવામાં આવી રહ્યાં છે જેને લઇ બેઠક રાખવામાં આવી હતી કૃષ્ણાવતે કહ્યું કે ગત એક વર્ષથી અમે કટારિયાનો વિરોધ કરી રહ્યો છીએ કટારિયાએ જે રીતે મહારાણા પ્રતાપને લઇ અશોભનીય ભાષાનો પ્રયોગ કર્યો હતો આવા લોકોને કાર્યક્રમમાં બોલાવવા અશોભનીય હશે.કટારિયાએ દેખાડા માટે જ માફી માંગી હતી

કૃષ્ણાવતે નગર નિગમને પણ વિનંતી કરી છે કે તે વિરોધ પક્ષના નેતા ગુલાબચંદ કટારિયાને મહારાણા પ્રતાપ જયંતિ પ્રસંગ પર કોઇ કાર્યક્રમમાં બોલાવે નહીં જો બોલાવવામાં આવશે તો કોઇ પણ રીતની સ્થિતિ માટે નિગમ ખુદ જવાબદાર રહેશે એ યાદ રહે કે કટારિયાએ જયારે મહારાણા પ્રતાપને લઇ અશોભનીય ભાષાનો ઉપયોગ કર્યો હતો ત્યારે પણ મહાસભા તરફથી કલેકટર ઓફિસે પ્રદર્શન કરવામાં આવ્યા હતાં.

## તંત્રી સ્થાનેથી...

# આતંકીને સજા

આખરે એનઆઇએની એક અદાલતે આતંકી યાસીન મલિકને આતંક સાથે સંકળાયેલા વિભિન્ન કેસોમાં દોષીત ગણાવતાં જનમટીપની સજા ફટકારી છે, પરંતુ તેને તેનાં કરતૂતોની સજા આપવામાં જરૂર કરતાં ઘણો વિલંબ થઈ ગયો છે, તે કેટલાય ગંભીર સવાલો ઊભા કરે છે. આ સવાલ આતંકવાદ સામે લડવામાં આપણી પ્રતિબદ્ઘતાની કમજોરી જ દર્શાવે છે. યાસીન મલિકે જેવા એનઆઇએ અદાલત સમક્ષ આતંકી ફંડિંગ મામલે પોતાના પર લાગેલા આરોપોનો સ્વીકાર કર્યો, તેવી જ રીતે એક સમયે તેણે માન્યું હતું કે જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રંટના એરિયા કમાન્ડર રૂપે તેણે વાયુસેનાના ચાર જવાનોની હત્યા કરી હતી અને વી.પી. સિંહ સરકાર સમયે ગૃહમંત્રી રહેલા મુફ્તી મોહંમદ સઈદની પુત્રીનું અપહરણ પણ કર્યું હતું. તેમ છતાં તે થોડો જ સમય જેલમાં રહ્યો. કોઇક અજ્ઞાત કારણોસર ૧૯૯૪માં તે જેલમાંથી બહાર આવી ગયો. જેલમાંથી બહાર આવીને તેણે ખુદને ગાંધીવાદી ગણાવવાનું શરૂ કરી દીધું. આશ્ચર્યની વાત એ રહી કે કાશ્મીરથી લઈને દિલ્હી સુધી કેટલાય પ્રભાવશાળી લોકો તેને ખરેખર ગાંધીવાદી ગણાવવામાં જોતરાઈ ગયા. તેમાં સરકારી એજન્સીઓની સાથે સાથે સિવિલ સોસાયટીના લોકો અને નેતાઓ પણ સામેલ હતા. વિભિન્ન મંચો પર આ આતંકીને શાંતિના મસીહા તરીકે આમંત્રિત કરવાનું શરૂ થયું, બલ્કે યુવાઓ માટે તે પ્રેરણાોત હોવાની ગુલબાંગો પણ હાંકવાનું શરૂ થયું. આ બધાં કામ ખુદને સેક્યુલર, લિબરલ અને માનવાધિકારવાદી ગણાવતા લોકો એ જાણવા છતાં પણ કોઈ શરમ-સંકોચ વગર કરી રહ્યા હતા કે યાસીન મલિકે કાશ્મીરને આતંકની આગમાં ઝીંકવાનું કામ કર્યું અને તેને કારણે કાશ્મીરી હિંદુઓનું ત્યાં રહેવું મુશ્કેલ થઈ ગયું.

દરેક પ્રકારની આતંકી ગતિવિધિઓમાં સંડોવાયેલા હોવા છતાં યાસીન મલિકનું જે રીતે મહિમામંડન કરવામાં આવ્યું, તેનું પરિણામ એ આવ્યું કે સત્તાના શીર્ષ પર બેઠેલા લોકો પણ એના પર મહેરબાન થઈ ગયા. હદ તો એ હતી કે ખુદ વડાપ્રધાન મનમોહન સિંહે તેને ચર્ચા માટે બોલાવ્યો અને તેની ભરપૂર આગતા-સ્વાગતા કરી. તેના ભૂતકાળની અવગણના કરીને તેને પાસપોર્ટ આપી દેવામાં આવ્યો અને ખબર નહીં કોની આર્થિક મદદથી તે અમેરિકા બ્રિટન, પાકિસ્તાનના પ્રવાસ ખેડવા લાગ્યો. તેનાથી એક તરફ જ્યાં કાશ્મીરમાં સક્રિય આતંકીઓને બળ મળવા લાગ્યું, ત્યાં જ આતંકવાદ સામે લડવામાં ભારતનો સંકલ્પ પણ બુઠ્ઠો દેખાવા લાગ્યો. આ યોગ્ય સમય છે કે એ બધાની ઓળખ છતી કરવામાં આવે, જેમને કારણે એક આતંકીના ગુણગાન કરવાની સાથે કાશ્મીરી હિંદુઓના જખ્મો પર મીઠું ભભરાવવામાં આવ્યું. ધ્યાન રહે કે તેમાં એવા લોકો પણ હતા, જેમનું કામ આતંકવાદ સામે લડવાનું હતું. ગનીમત રહ્યું કે મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ યાસીન મલિકને ફરીથી જેલમાં ધકેલી દેવાયો અને તેના વિરુદ્ઘ અદાલતી કાર્યવાહી શરૂ થઈ, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે તેમાં પણ સારો-એવો સમય લાગી ગયો.

# શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર.. પ્રભુ પ્રિય ભક્તોનાં લક્ષણો ભાગ-૪

શ્રીમદ્ ભગવદગીતાના બારમા અધ્યાયમાં શ્રૂલોક:૧૩ થી ૧૯માં સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા પ્રભુ પ્રિય ભક્તોનાં ૩૬ લક્ષણોનું વર્ણન છે.ભક્ત એટલે જે વિભક્ત નથી તે ! ભક્ત જ્ઞાનથી મધુર ભાવવાન હૃદય.. કર્મથી મક્કમ અને પ્રેમનો ભીનો હોય છે.ભક્તિ એટલે મન..બુદ્ધિ પ્રભુને અર્પણ કરવાં. ભક્તિ એ મનનું સ્નાન છે. જગતમાં આવીને જે આ ૩૬ ગુણો મેળવે છે તે પ્રભુને ગમે છે અને વાસ્તવમાં જ ભક્ત છે.



(૨૭)સમ:શત્રો ચ મિત્રે ચ..(શત્રુ અને મિત્રમાં સમાન) ભક્તની દષ્?ટિમાં તેનો કોઇ શત્રુ કે મિત્ર હોતો નથી, તેમછતાં લોકો પોત પોતાની ભાવના અનુસાર મૂર્ખતાવશ ભક્ત દ્વારા પોતાનું અનિષ્?ટ થાય છે તેમ સમજીને.. ભક્તનો સ્વભાવ તેમને અનુકૂળ ન દેખાતો હોવાથી અથવા ઈર્ષ્યાવશ ભક્તમાં શત્રુભાવનો આરોપ લગાવે છે.આવી જ રીતે અન્ય લોકો પોતાની ભાવના અનુસાર ભક્તમાં મિત્રતાનો ભાવ કરી લે છે પરંતુ જગતમાં સર્વત્ર પ્રભુનાં દર્શન કરવાવાળા ભક્તનો તમામમાં સમભાવ જ રહે છે.. તેમની દષ્?ટિમાં શત્રુ-મિત્રનો સહેજપણ ભેદ હોતો નથી, તે તો હંમેશાં તમામની સાથે પ્રેમનો જ વ્યવહાર કરે છે. તમામને પ્રભુનું જ સ્વરૂપ સમજીને સમભાવથી તમામની સેવા કરવી એ જ તેમનો સ્વભાવ બની જાય છે.

અવતારવાણીમાં કહ્યું છે કે: દશે દિશામાં પ્રભુને જોવો એથી ઉત્તમ ધર્મ નથી, સંતજનોની સેવા કરવી એથી ઉંચુ કર્મ નથી.. સંતોની સેવા કરવામાં તન મન ધન જે લૂંટાવે છે, સાચું માનો મેલ હૃદયનો આપ મેળે ધોવાયે છે. સદગુરૂના ઉપદેશથી વધીને જગમાં બીજી વાણી નથી. (અવતારવાણી:૧૫૪)

(૨૮)માન-અપમાનમાં સમતા.. માન-અપમાન પરકૃત ક્રિયા છે. જે શરીર પ્રત્યે થાય છે. ભક્તની પોતાના કહેવાતા શરીરમાં અહંતા મમતા ન હોવાથી શરીરનું માન-અપમાન થવા છતાં પણ ભક્તના અંતઃકરણમાં કોઈ હર્ષ-શોકનો વિકાર પેદા થતો નથી તે નિત્ય નિરંતર સમતામાં જ સ્થિત રહે છે.

(૨૯)શિતોષ્?ણ સુખ-દુ:ખેષુ સમ..(ઠંડી-ગરમી અને સુખ-દુઃખના દ્વન્દ્વોમાં સમાન) શિતોષ્?ણ શબ્દ તમામ ઈન્દ્રિયોના વિષયોનો વાચક છે.પ્રત્યેક ઈન્દ્રિયનો પોતપોતાના વિષયની સાથે સંયોગ થતાં ભક્તને એ (અનુકૂળ કે પ્રતિકૂળ) વિષયોનું જ્ઞાન તો થાય છે પરંતુ તેના અંતઃકરણમાં હર્ષ-શોક વગેરે વિકારો થતા નથી, તે હંમેશાં સમાન રહે છે. સાધારણ મનુષ્?ય ધન દૌલત, ભૌતિક સંપત્તિ વગેરે અનુકૂળ પદાર્થોની પ્રાપ્?તિમાં સુખ અને પ્રતિકૂળ પદાર્થોની પ્રાપ્?તિમાં દુઃખનો અનુભવ કરે છે પરંતુ તે જ પદાર્થો પ્રાપ્?ત થતાં અથવા ન થતાં સિદ્ધ ભક્તના અંતઃકરણમાં હર્ષ-શોક વગેરે વિકારો થતા નથી તે હંમેશાં સમાન રહે છે.

દુઃખ આવે તો ભક્ત વિચારે છે કે મારી મક્કમતા વધારવા આવ્યું છે અને સુખ આવે તો મને ચૈતન્ય અને ઉત્સાહ આપવા માટે આવ્યુ છે.

(૩૦)સંગવિર્વજિત..સંગ શબ્દનો અર્થ સબંધ (સંયોગ) તથા આસક્તિ થાય છે. મનુષ્?યના માટે સ્વરૂપથી બધા પદાર્થોનો સંગ (સબંધ) છોડવાનું શક્ય નથી કેમકે જ્યાંસુધી મનુષ્?ય જીવિત છે ત્યાં સુધી શરીર મન બુદ્ધિ અને ઇન્દ્રિયો તેની સાથે જ રહે છે. શરીરથી ભિન્ન કેટલાક પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરી શકાય છે પરંતુ તેના અંતઃકરણમાં તેમના પ્રત્યે સહેજપણ આસક્તિ ચાલુ રહી હોય તો તે પ્રાણી પદાર્થોથી દૂર રહેવા છતાં પણ વાસ્તવમાં તેનો તેમની સાથે સબંધ ચાલુ રહેલો જ છે. બીજી બાજુ જો અંતઃકરણમાં પ્રાણી પદાર્થોમાં સહેજપણ આસક્તિ ના હોય તો પાસે રહેવા છતાં પણ તેમની સાથે સબંધ હોતો નથી. જો પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવાથી જ મુક્તિ થાત તો મરવાવાળી દરેક વ્યક્તિ મુક્ત થઇ જાત ! કેમકે તેણે તો પોતાના શરીરનો પણ ત્યાગ કરી દીધો ! પરંતુ એવી વાત નથી. અંતઃકરણમાં આસક્તિ રહેવાથી શરીરનો ત્યાગ કરવા છતાં સંસારનું બંધન ચાલુ જ રહે છે. આથી મનુષ્?યને સાંસારીક આસક્તિ જ બાંધવાવાળી છે. સાંસારીક પ્રાણી પદાર્થોનો સ્વરૂપથી સબંધ નહી.

આસક્તિ દૂર કરવા માટે પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવો એ પણ એક સાધન થઇ શકે છે પરંતુ ખાસ જરૂર આસક્તિનો સર્વથા ત્યાગ કરવાથી જ થાય છે. સંસાર પ્રત્યે જો સહેજપણ આસક્તિ હોય તો તેનું ચિંતન અવશ્ય થશે, આ કારણે તે આસક્તિ સાધકને ક્રમશઃ કામના..ક્રોધ..મૂઢતા.. વગેરે પ્રાપ્?ત કરાવતી રહીને તેને પતનના ખાડામાં પાડવાનું સાધન બની શકે છે.(ગીતા:૨/૬૨-૬૩)

પરમાત્માના શુદ્ધ અંશ ચેતનમાં કે જડપ્રકૃતિમાં આસક્તિ નથી હોતી પણ જડ અને ચેતનના સબંધરૂપી "હું" પણાની માન્યતામાં છે તે જ આસક્તિ મન બુદ્ધિ ઇન્દ્રિયો અને વિષયો (પદાર્થો)માં પ્રતિત થાય છે. આસક્તિનું કારણ અવિવેક છે.પોતાના અંશી પ્રભુથી વિમુખ થઇને ભૂલથી સંસારને પોતાનો માની લેવાથી સંસારમાં રાગ થઇ જાય છે અને રાગ થવાથી સંસારમાં આસક્તિ થઇ જાય છે.સંસાર સાથે માનેલું પોતાપણું સર્વથા દૂર થઇ જવાથી બુદ્ધિ સમ થઇ જાય છે.બુદ્ધિ સમ થતાં પોતે આસક્તિ રહીત થઇ જાય છે. માણસ આધ્યાત્મિક દષ્?ટિએ એવી સ્થિતિ ઉપર પહોચવો જોઇએ કે વ્યક્તિ કે વસ્તુના સંગની તેના ઉપર અસર ના થાય. જે સબંધથી માણસની બુદ્ધિ અને વૃત્તિ બદલાય તેને જ સંગ કહેવાય. વસ્તુ વ્યક્તિ અને વિચાર આપણી પાસે હોવા છતાં આપણી બુદ્ધિ અને વૃત્તિમાં બદલાવ ના થાય તો તે સંગવિવર્જીત સ્થિતિ કહેવાય.

(૩૧)તુલ્ય નિંદાસ્તુતિ..જે નિંદા-સ્તુતિને સમાન સમજે છે. બીજાના મનમાંથી અમુક માણસ ઉતરી જાય એવો પ્રયત્ન કરવો એ ×નિંદા× કહેવાય. સ્વાર્થ રહીત વર્ણનને (વખાણને) પ્રસંશા કહેવાય. સ્વાર્થ સહિત વર્ણનને સ્તુતિ કહેવાય છે. જે માણસ નિંદા-સ્તુતિથી પર થયો હોય તેની જવાબદારી ભગવાન ઉપાડે છે.ભગવાનના ભક્તનો પોતાના નામ અને શરીરમાં સહેજપણ અભિમાન કે મમત્વ હોતું નથી તેથી તેને સ્તુતિથી હર્ષ કે નિંદાથી કોઇપણ પ્રકારનો શોક થતો નથી..તેનો બંન્નેમાં સમભાવ રહે છે. ભક્ત દ્વારા અશુભ કર્મો તો થઇ શકતાં જ નથી અને શુભ કર્મો થવામાં તે ફક્ત ભગવાનને કારણ માને છે છતાં પણ તેની કોઇ નિંદા કે સ્તુતિ કરે તો તેના ચિત્તમાં વિકાર પેદા થતા નથી. જો કે માનવના જીવનમાં પ્રાથમિક અવસ્થામાં નિંદા-સ્તુતિની આવશ્યકતા છે.

(૩૨)મૌની..આપણે બોલવાનું બંધ કરીએ તે મૌન નથી.મૌનમાં માણસની બધી ઇન્દ્રિયોની પ્રવૃતિ આત્મા સાથે જોડાવવી જોઇએ.વાસના અને કામના બંધ કરવાં એ મન અને બુદ્ધિનું મૌન છે. સિદ્ધ ભક્ત દ્વારા આપોઆપ સ્વાભાવિક ભગવત્સ્વરૂપનું મનન થતું રહે છે એટલા માટે તેને ×મૌની× એટલે કે મનનશીલ કહેવામાં આવ્યો છે. અંતઃકરણમાં આવવાવાળી પ્રત્યેક વૃતિમાં તેને ભગવાન જ દેખાય છે, એટલા માટે તેના દ્વારા નિરંતર ભગવાનનું જ મનન થાય છે. ટૂંકમાં મૌની એટલે ભગવાનના સ્વરૂપનું મનન કરવાવાળો...!

(૩૩)સંતુષ્?ટો યેન કેનચિત.. બીજા લોકોને ભક્ત પ્રારબ્ધ અનુસાર શરીર નિર્વાહના માટે જે કંઇ મળે તેમાં જ સંતુષ્?ટ દેખાય છે પરંતુ વાસ્તવમાં ભક્તના સંતોષનું કારણ કોઇ સાંસારીક પદાર્થ કે પરિસ્થિતિ હોતું નથી.એકમાત્ર ભગવાનમાં જ પ્રેમ હોવાના લીધે તે નિત્યનિરંતર ભગવાનમાં જ સંતુષ્?ટ રહે છે.આ સંતોષના કારણે તે સંસારની પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમ રહે છે કારણ કે તેના અનુભવમાં પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ ભગવાનના મંગલમય વિધાનથી જ આવે છે. આ રીતે પ્રત્યેક પરિસ્થિતિમાં નિત્ય નિરંતર સંતુષ્?ટ રહેવાના કારણે તેને સંતુષ્?ટો યેન કેનચિત કહેવામાં આવે છે.

(૩૪)અનિકેત..જેમનું કોઇ નિકેત એટલે કે વાસ સ્થાન નથી તે જ અનિકેત હોય તેવી વાત નથી. ભલે ગૃહસ્થ હોય કે સાધુ સંન્યાસી.. જેમની પોતાના રહેવાના સ્થાનમાં મમતા કે આસક્તિ નથી તે બધા "અનિકેત" છે. ભક્તને રહેવાના સ્થાનમાં કે શરીર (સ્થૂલ..સૂક્ષ્?મ..કારણ શરીર)માં લેશમાત્ર પણ પોતાપણું તથા આસક્તિ હોતી નથી એટલા માટે તેને અનિકેત કહેવામાં આવે છે. અનિકેત સ્થિતિ લાવવા માટે મમત્વ તથા આસક્તિ આઘાં કરવાં જોઇએ.

(૩૫)સ્થિરમતિ..ભક્તને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં હોવાથી તેના તમામ સંશય નષ્?ટ થઇ જાય છે. ભગવાનમાં તેનો દૃઢ વિશ્વાસ થઇ જાય છે.તેનો નિશ્ચય અટલ અને નિશ્ચલ હોય છે તેથી તે સાધારણ મનુષ્?યની જેમ કામ ક્રોધ લોભ મોહ કે ભય વગેરે વિકારોના વશમાં આવીને ધર્મથી કે ભગવાનના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતો નથી તેથી તેને ×સ્થિર બુદ્ધિ× કહ્યો છે. સ્થિર બુદ્ધિ થવામાં કામનાઓ જ બાધક થાય છે આથી કામનાઓના ત્યાગથી જ સ્થિર બુદ્ધિ થઇ શકે છે.

(૩૬)ભક્તિમાન..મનુષ્યમાં સ્વભાવિક રીતે ભક્તિ(ભગવત્પ્રેમ) રહે છે. મનુષ્યની ભૂલ આ જ થાય છે કે તે ભગવાનને છોડીને સંસારની ભક્તિ કરવા લાગે છે એટલા માટે તેને સ્વાભાવિક રહેવાવાળી ભગવત ભક્તિનો રસ મળતો નથી અને તેના જીવનમાં નિરસતા રહે છે.સિદ્ધ ભક્ત હરદમ ભક્તિરસમાં તલ્લીન રહે છે એટલા માટે તેને ભક્તિમાન કહેવામાં આવે છે.

ઉપરોક્ત ૩૬ લક્ષણોમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોકનો અભાવ બતાવવામાં આવ્યો છે. અંતમાં ભગવાને કહ્યું છે કે ×જેઓ મારામાં શ્રદ્ધા રાખવાવાળા અને મારા પરાયણ થયેલા ભક્તો ઉપર કહેલા આ ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે.×(ગીતા:૧૨/૨૦)

મન સ્વસ્થ..શુદ્ધ..પવિત્ર અને સંસ્કારી બનાવવા માટે ભક્તિ એ ભગવાને આપેલ ઉત્કૃષ્?ટ સાધન છે તે આપણે બધા અપનાવીએ એવી પ્રાર્થના..!

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમાહલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## વાયદા બજાર પર સોનું રૂ.૧૦૨ અને ચાંદી રૂ.૭૭૨ વધ્યાઃ ક્રૂડ તેલ રૂ.૬૧ લપસ્યું

# પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૬૭૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૪૫૦૯ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૫૭ કરોડનાં કામકાજ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૯,૦૫૮ સોદાઓમાં કુલ રૂ.૧૫,૨૪૦.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦૬૭૪.૭૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૫૦૮.૮૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૭,૧૦૧ સોદાઓમાં કુલ રૂ.૫,૦૧૦.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૯૫૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૦૬૦ અને નીચામાં રૂ.૫૦,૮૫૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૨ વધી રૂ.૫૦,૯૭૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૬૦ વધી રૂ.૪૧,૩૨૩ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૫,૦૯૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૯૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૩૦ વધી રૂ.૫૦,૯૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૯૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૩૯ અને નીચામાં રૂ.૬૧,૯૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૭૨ વધી રૂ.૬૨,૫૬૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૭૧૪ વધી રૂ.૬૨,૮૦૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૭૪૬ વધી રૂ.૬૨,૮૩૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૬૪૯ સોદાઓમાં રૂ.૧,૪૦૫.૬૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૩૫ વધી રૂ.૨૪૨.૫૫ અને જસત મે વાયદો રૂ.૪.૯૫ વધી રૂ.૩૨૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૪.૫૫ વધી રૂ.૭૭૫.૯૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૧,૨૫૬ સોદાઓમાં કુલ રૂ.૪,૧૫૭.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૮૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૯૩૨ અને નીચામાં રૂ.૮,૭૮૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬૧ ઘટી રૂ.૮,૮૧૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૭.૩૦ ઘટી રૂ.૬૭૦.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૪૭ સોદાઓમાં રૂ.૧૦૦.૭૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૮,૬૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૭૯૦ અને નીચામાં રૂ.૪૮,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૦ વધી રૂ.૪૮,૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૮૦ વધી રૂ.૧૦૩૫.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૯૩.૦૮ કરોડનાં ૪,૮૮૩.૮૦૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૧૭.૭૫ કરોડનાં ૪૦૨.૮૦૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૪૫૬.૬૨ કરોડનાં ૧૬,૪૭,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૭૦૧ કરોડનાં ૩૯૬૮૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૮૩.૩૩ કરોડનાં ૧૭૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૭.૩૮ કરોડનાં ૧૬૪.૫૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૨૮૭.૩૪૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૫૫.૦૫૧ ટન, ક્રૂડ તેલમાં ૧૦૦૮૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૦૪૩૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૮૮૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૦૮.૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૭.૩૧ કરોડનાં ૭૮૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૫૧૭ના સ્તરે ખૂલી, ૯૧ પોઈન્ટ વધી ૧૪,૫૭૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૫૦૮.૮૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૫.૨૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩.૨૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૬૦૫.૫૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૭૪.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૫૯.૩૩ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જુલાઈ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૮ અને નીચામાં રૂ.૧૯૦ રહી, અંતે રૂ.૪૫.૫૦ વધી રૂ.૨૨૪.૫૦ થયો હતો. જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૭૫ અને નીચામાં રૂ.૫૯૭.૫૦ રહી, અંતે રૂ.૨૧૩.૫૦ વધી રૂ.૭૬૫.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૩૫ અને નીચામાં રૂ.૧,૫૧૯ રહી, અંતે રૂ.૩૩૧ વધી રૂ.૧,૭૮૫ થયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૦૮.૫૦ અને નીચામાં રૂ.૧,૨૨૬ રહી, અંતે રૂ.૩૧૩.૫૦ વધી રૂ.૧,૭૯૧ થયો હતો. ક્રૂડ તેલ જૂન રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૭૩.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૪.૯૦ અને નીચામાં રૂ.૩૧૬.૬૦ રહી, અંતે રૂ.૧૭.૮૦ ઘટી રૂ.૩૩૨.૬૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૧૫ અને નીચામાં રૂ.૪૭૩ રહી, અંતે રૂ.૭૦ ઘટી રૂ.૪૯૯.૫૦ થયો હતો. જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦ અને નીચામાં રૂ.૬૪૦ રહી, અંતે રૂ.૨૦ વધી રૂ.૬૮૫ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૧૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૧૦.૫૦ અને નીચામાં રૂ.૫૧૧.૫૦ રહી, અંતે રૂ.૨૩૧.૫૦ ઘટી રૂ.૫૪૬.૫૦ થયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૯ અને નીચામાં રૂ.૪૫૦ રહી, અંતે રૂ.૧૯૨ ઘટી રૂ.૪૬૧.૫૦ થયો હતો. ક્રૂડ તેલજૂન રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૭ અને નીચામાં રૂ.૨૩૬.૩૦ રહી, અંતે રૂ.૨૫.૫૦ વધી રૂ.૨૭૯.૯૦ થયો હતો.

# રાજયનાં કાયદો અને વ્યવસ્થાના મુદ્દા પર સરકારની નિષ્ફળતા પર સવાલ ઉઠાવ્યા

પટણા,તા.૨૭

બિહાર વિધાનસભાના અધ્યક્ષ વિજય સિન્હા વધતી અપરાધિક ઘટનાઓ અને કાયદાનો ભંગ કરનારાઓથી ખુબ નારાજ છે રાજયમાં વધતી હિંસા અને હત્યાની વિરૂધ્ધ તેમણે ફરી અવાજ ઉઠાવ્યો છે.તેમણે કાયદો અને વ્યવસ્થાના મુદ્દા પર સરકારની નિષ્ફળતા પર સવાલ ઉઠાવતા ચેતવણી આપી છે કે તેની જવાબદારી નક્કી કરવામાં આવશે.તેમણે સ્પષ્ટ કહ્યું કે તે આ મુદ્દા પર મૌન રહેશે નહીં તેમની કમિટી અવાજ ઉઠાવશે તેમણે કહ્યું કે તે મુખ્યમંત્રી નીતીશકુમારને પણ તેની બાબતમાં બતાવશે

તેમણે કહ્યું કે સારા અધિકારીઓને હટાવી ભ્રષ્ટ્ર અધિકારીઓને સંરક્ષણ આપવામાં આવી રહ્યું છે અપરાધ પર કાબુ મેળવવામાં પોલીસ પ્રશાસન સંપૂર્ણ રીતે નિષ્ફળ જોવા મળી રહ્યું છે.લખીમસરાયના પિપરિયામાં ફરી હત્યા થઇ છે.બિહારમાં અપરાધનો ગ્રાફ ઝડપથી વધી રહ્યો છે કયાંય કોઇ સુનાવણી નથી જે અધિકારીઓને કાયદો વ્યવસ્થા યોગ્ય કરવાની જવાબદારી આપવામાં આવી છે તેમના માટે જવાબદારી પણ તૈયાર કરી લેવી જોઇઅ.તેમણે કહ્યું કે ફકત ડીએમ એસપીની બદલી કરવાથી કામ ચાલશે નહીં અધિકારીઓની માનસિકતાને બદલવાની જરૂરત છે તેમની બેદરકારી પર બ્રેક લગાવવી પડશે. જીલ્લામાં સારા અધિકારીઓને રાખવામાં આવે અને ભ્રષ્ટ્ર અધિકારીઓને સાઇડમાં કરવામાં આવવા જોઇએ તેમણે કહ્યું કે ડીજીપી અને મુખ્ય સચિવની સાથે મુલાકાત કરી વાત કરીશ કે આ શું તમાશો બનાવી રાખ્યો છે.

એ યાદ રહે કે પહેલા પણ લખીસરાયમાં એક ઘટના બની હતી તેને લઇને પણ વિધાનસભા અધ્યક્ષે અવાજ ઉઠાવ્યો હતો આ દરમિયાન તેમની વિધાનસભાની અંદર જ મુખ્યમંત્રી નીતીશકુમારથી ભારે ચર્ચા થઇ ગઇ હતી હકીકતમાં લખીસરાયમાં સરસ્વતી પુજા દરમિયાન કોરોના ગાઇડ લાઇનનો ભંગ કરવાના આરોપમાં પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી હતી જેની પોલીસે ધરપકડ કરી હતી તે અધ્યક્ષનો નજીકનો વ્યક્તિ કહેવામાં આવે છે જેને લઇ અધ્યક્ષે પોલીસથી નારાજગી વ્યકત કરી હતી.

આ દરમિયાન મુખ્યમંત્રી નીતીશકુમારે કહ્યું હતું કે સિસ્ટમ બંધારણથી ચાલે છે એક જ મામલાને રોજરોજ ઉઠાવવાનો કોઇ અર્થ નથી વિશેષાધિકાર સમિતિનો જે પણ રિપોર્ટ હશે અમે તેના પર વિચાર કરીશું તેમણે કહ્યું હતું કે સિસ્ટમ બંધારણથી ચાલે છે કોઇ પણ ક્રાઇમ રિપોર્ટ કોર્ટમાં આપવામાં આવે છે.ગૃહમાં નહીં આવવામાં જેનો જે અધિકાર છે તેને તે કરવા દેવામાં આવે આ મામલાને કારણ વિના આગળ વધારવાની જરૂરત નથી-

# ૩૧ મેના રોજ શિમલામાં મોદીની રેલી, ભાદપ ઘરે-ઘરે જઈને લોકોને આમંત્રણ આપશે

શિમલા,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ મેના રોજ શિમલામાં રેલી કરવા જઈ રહ્યા છે. રેલી પહેલા હિમાચલ પ્રદેશ બીજેપી અધ્યક્ષ સુરેશ કુમાર કશ્યપે શિમલા મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્ટી કાઉન્સિલરો સાથે બેઠક યોજી હતી. કશ્યપે કહ્યું, "આ અમારા માટે સન્માનની વાત છે કે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા પીએમ નરેન્દ્ર મોદી ૩૧ મેના રોજ શિમલાની મુલાકાતે છે. હું તેમનું રાજ્યમાં સ્વાગત કરવા માંગુ છું. તેઓ માત્ર શિમલાના લોકોને જ નહીં પરંતુ સમગ્ર લોકોની મદદ કરી રહ્યા છે. રાષ્ટ્ર." વડા પ્રધાને સત્તામાં ૮ વર્ષ પૂર્ણ કર્યા છે અને તેમનો કાર્યકાળ સિદ્ધિઓથી ભરેલો છે. અમને એ જાણીને આનંદ થયો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અહીં આવી રહ્યા છે.""આ સરકારી કાર્યક્રમ હોવાથી, સરકાર અને પક્ષ બંને વ્યવસ્થા કરી રહ્યા છે. અમે સર્વેલન્સ એકત્ર કરવા માટે અલગ-અલગ બેઠકો યોજી છે જેથી વધુને વધુ લોકો કાર્યક્રમમાં હાજર રહી શકે અને તેમનું સંબોધન સાંભળી શકે," તેમણે કહ્યું.કશ્યપે જણાવ્યું કે તેમણે શિમલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ૩૪ વોર્ડના બીજેપી કાઉન્સિલરો સાથે બેઠક યોજી છે અને તેમને ઘરે-ઘરે જઈને લોકોને કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ આપવા જણાવ્યું છે. તેમણે વધુમાં કહ્યું, "અમે કાર્યક્રમ માટે ૫૦,૦૦૦ થી વધુ લોકોને એકત્ર કરવા અને પીએમ નરેન્દ્ર મોદીને સાંભળવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ."

# ભંગારનો ધંધો અને ફેરી કરનારે પોતાની સંપૂર્ણ વિગતો પોલીસ સ્ટેશને જણાવવી

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ ગ્રામ્યે જિલ્લા માં ભંગારનો ધંધો અને ભંગારની ફેરી કરનારે પોતાના કાર્યક્ષેત્રેની અને પોતાની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશને જણાવવાની રહેશે એમ અધિક જિલ્લાપ મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામામાં જણાવ્યુંલ છે.

અમદાવાદ જિલ્લા માં બોપલ, સાણંદ, સાણંદ જી.આઇ.ડી.સી., વિરમગામ જી.આઇ.ડી.સી., અસલાલી, ચાંગોદ અને બાવળા જી.આઇ.ડી.સી. ખાતે તેમજ જિલ્લા ગ્રામ્ય વિસ્તમરોમાં ભંગારનો ધંધો કરતા તેમજ ભંગારની ફેરી કરનારે પોતાના વતન તેમજ ધંધા સ્થસળનું પોલીસ ક્લીયન્સ. સર્ટી. મેળવી રાખવુ પડશે. ધંધા સાથે કામકાજ કરનાર તમામના સર્ટી. રાખવા તેમજ તમામની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટે શને જણાવવાની રહેશે. જેમની પાસેથી ભંગાર ખરીદે તેની ઓળખ વિગત સાથેની માહિતીનું નિયત રજીસ્ટાર ફરજિયાત નિભાવવુ પડશે તેમાં વેચનારની સંપૂર્ણ વિગતો સંપર્ક સાથે સામેલ કરવાની રહેશે.ભંગાર લે – વેચના સામાનમાં જો કોઇ ગેરરીતિ કે શંકાસ્પદ મુદ્દામાલ જણાય તો તરત જ નજીકના પોલીસ સ્ટેકશને તેની જાણ કરવાની રહેશે. ભંગારવાળા પાસે જો કોઇ વાહન વેચવા આવે તો વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરવી નહીં. આવા વાહનોના એન્જીચન તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રે શન સાથેની માહિતી તાત્કાચલિક પોલીસ સ્ટેશને જણાવવાની રહેશે.

તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# મકાન ભાડે આપતા સંબંધિત પોલીસ સ્ટેશને જાણી કરવી

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લામાં રહેણાંક કે ઔદ્યોગિક મકાન ભાડે આપતા પહેલાં ભાડૂઆતની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેજશને જણાવવા અધિક જિલ્લાક મેજિસ્ટ્રે ટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ કર્યો છે.

મકાન ભાડે આપતા પહેલાં પોલીસ સ્ટે?શને માહિતી પત્રકમાં અનુક્રમે મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત ક્યા વિસ્ત્રમાં કેટલા ચો.મી. બાંધકામ મકાન, મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યમક્તિનું નામ અને સરનામુ, મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલુ નક્કી કરેલ છે તે રકમ રૂપિયામાં, કઇ વ્યરક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા, ફોટો, સહી સરનામા અને સંપર્ક સાથેની સંપૂર્ણ વિગતો,જેમાં ભાડૂઆતનું મૂળ નામ, રહેવાશી, ધંધો, ધંધાનૂં સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગતો, મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યવક્તિ, એજન્ટો-બ્રોકરની તમામ વિગતો તેમજ અન્ય વિગતો વાળા સાત કોલમવાળી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા.૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# અમદાવાદ શહેરમાં ૧૧ જૂન ૨૦૨૨ સુધી હથિયારબંધી

જાહેરશાંતિઅને સલામતી જાળવવા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીના સમગ્ર વિસ્તારમાં ઉશ્કેરણીજનક કૃત્યો પર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ પ્રતિબંધ ફરમાવ્યોછે.

અઢી ઈંચથી વધારે લાંબા ચપ્પા, શસ્ત્રો, દંડા,તલવાર, સોટી,બંદૂક, ખંજર, લાઠી કે અણીયાળા સાધનો રાખવા પર, પથ્થશરો કે હાનિકારક સ્ફોદટક પદાર્થો લઈ જવા, એકઠા કરવા કે અન્યા પર ફેંકવા પર શહેર પોલીસ કમિશ્નરશ્રી દ્વારા પ્રતિબંધ ફરમાવાયો છે. આ ઉપરાંત અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ કે નિતીનો ભંગ થાય તેમજ રાજ્યની સલામતી જોખમાય તેવા ચેનચાળા, છટાદાર કે ઉશ્કેરિણીજનક ભાષણો પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યોા છે.

આ હુકમ સરકારી કામગીરી કે ફરજ પર હોય અથવા હથિયાર પરવાનગીધારક કે અધિકારી તેમજ અશકત વ્યકક્તિને લાકડી-લાઠી સાથે રાખવી જરૂરી હોય તેમને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ પ્રતિબંધ તા. ૨૮-૦૫-૨૦૨૨ના કલાક ૦૦/૦૦ થી તા.૧૧/૦૬/૨૦૨૨ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર ગુજરાત પોલીસ એકટની કલમ -૧૩૫૮મુજબ શિક્ષાપાત્ર ઠરશે એમ જાહેરનામામાં ફરમાવાયું છે.

# અમદાવાદ જિલ્લામાં સભા - સરઘસ બંધી

અમદાવાદ જિલ્લામની ગ્રામ્ય વિસ્તા રની હદમાં આવેલ સમગ્રવિસ્તારમાંસમગ્ર મહેસૂલી વિસ્તારમાં ચાર માણસોથી વધુ માણસો ભેગા થવા પર સભા કે સરઘસ કાઢવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ પ્રતિબંધ ફરમાવ્યોસ છે.

જે વ્યબક્તિ સરકારી ફરજ પર અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હાજર હોય, લગ્નક વરઘોડા કે સ્મીશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં.

તા તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No-106
NOG.સાહિત્ય સરિતા
વિષયઃ-'માન-અપમાન'
પ્રકારઃ-ગદ્ય
શબ્દઃ-૨૫૦
શીર્ષકઃ-
"તમને શું જોઈએ છે?"

આવ નહીં આદર નહીં,
નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જાઈએ
ચાહે કંચન વરસે મેહ.

જીવનનો સૌથી સુંદર આસાન નિયમ.
તમારી સાથે થવું ન જોઈએ.
એ તમે
બીજા સાથે ના કરો.
"માન-અપમાન"શબ્દને આધ્યાત્મિકતા સાથે જોડીએ?
એનું કર્મ એની સાથે,મારું મારી સાથે.
હું જે કરું તેનાથી મને લેવાદેવા છે.
માન બહુજ ગમે અપમાન ખૂંચે!
એક પંચતારક હોટેલમાં જમણમાં ખૂબ વાનગી પીરસાયેલી છે,
માન-અપમાન-સંમાન-પ્રશંસા"નામની વાનગીઓ પણ પીરસાયેલી છે..
જે જિંદગીના "અહંકાર" રૂપી મસાલાથી ભરપૂર હોય છે,દેખાવમાં તો એવાં આકર્ષક હોય છે કે-ખાય પછી પસ્તાય અને નખાય તે પસ્તાય!!!.
આમાંથી ગમશે/ભાવશે તે તમે ઉપાડશો અને ખાશો.. તમારે નક્કી કરવાનું.
માન/અપમાન શબ્દની આસપાસ નર્યો અહમ્ હોય.છે.
અમે વડીલ,અમને માન મળવું જોઈએ! વેવાઈ છીએ! દિકરાને પક્ષેથી,એટલે માન મળવું જોઈએ!! અમેઅમે,હુંહુંહું!!
રાજ/રજવાડાંઓનો માલિક "હું".
કુટુંબ/કબીલાનો મોભી !!
સૌને સારા તરીકે જ સ્વીકારું.
ખુશીથી જીવો
ખુશી બાંટો..
સાચું 'માન'
સંતને જ મળે. માન અપમાન આપણે જ વાવેલાં બીજમાંથી ઊગી નીકળેલાં વૃક્ષ છે.જેનાં ફળ આપણે જ ચાખવાનાં છે.
'માન-અપમાન' ઉપર બેઠેલાં પંખીનું પાંજરું લોખંડનું નથી.એ ભાવનાથી બનેલું છે.
'માન-અપમાન' મનને અસર કરે. -!!
સામાજિક માન-સન્માન જોઈએતો,તમારા પાસે રાજકીય હોદો અને પૈસા! હોવા જરૂરી!
માન મળતું રહેશે.
તમે દેખીતા 'મોટા',
તો અપમાન નહિ કરે..પણ પાછળથી પૂછવું પડે! સાચું માન હતું ?!
અપમાન ઝીલતા રહો.
આપણે માન/અપમાનના કેટલા અધિકારી?
'જતું કરતાં'- શીખવું પડશે.
'માન-અપમાન' કેટલો સહેલો શબ્દ છે?,
"માન"- માટે
બોરડીના ઝાડે ચડાવનારા મળી રહેશે,"સાચું માન" તમારું વ્યક્તિત્વ છે.
અપમાન આપણે જાતે મેળવીએ !
"યોગ"
યોગ-'શરીર★મન આત્માને' જોડે છે.બીજા શું કરે છે?તે જોવાના બદલે પોતાની અંદર જાંચીએ તો કેટલું સારું!
"સ્તબ્ધ આંખોની કરો ખુલ્લી તપાસ
ભોંયરાંઓ એનાં ક્યાં ક્યાં નીકળે!!?..:-
રમેશ પારેખ.

રાજેશભાઇ એસ વ્યાસ, "રાજ ",
ધ્રુવનગર,,,, મોરબી

---

[ NOG SS No- 0112
NOG.સાહિત્ય સરિતા
વિષયઃ-'માન-અપમાન'
પ્રકારઃ-ગદ્ય
શીર્ષકઃ-
" સંતુલન અને સમતોલન "

માન -અપમાન એ જીવનનો સાર છે, જેવુ આપીએ, જેવુ વર્તન કરીએ, જેવુ જીવન જીવીએ એ પ્રમાણે મનુષ્ય જીવનમાં માન - અપમાનનો સ્વીકાર કરવો રહ્યો.

ઘણીવાર ઘણા લોકો હોદ્દાનુ કે કંઇક વિશેષ વ્યક્તિનુ મળેલુ માન જીરવી સકતા નથી પરિણામે અપમાનનુ ભોગ બનવુ પડતુ હોય છે.

લોકોએ કરેલા સારા કાર્યો, સેવા, સમર્પણ, સારા કર્મોથી સમાજમાં અને દરેક જગ્યાએ વ્યક્તિને માન મળતુ હોય છે.

પરંતુ માન અને મોભો વધી ગયા પછી ઘણા લોકો મર્યાદા ઓળંગી જતા હોય છે, પરિણામ સ્વરૂપ અપમાનનો ભોગ બનતા હોય છે.

વધુ પડતા માન સન્માનથી ઘણીવાર લોકોના મનમાં અભિમાન વધી જતુ હોય છે, ખરેખર તો પદ અને પ્રતિષ્ઠા વધ્યા પછી નિર્મળતા આવવી જોઇએ પરંતુ તેનો ક્યારેક અભાવ જણાતો હોય છે, અભિમાનના અતિરેકમાં માણસ સામેના લોકોને નિમ્ન કક્ષાના અને તુચ્છ સમજવા લાગે છે અને પરિણામે અપમાનના ભોગ બને છે.

સાર એટલો કે માન મળ્યા પછી અપમાનનો ભોગ બનવુ ન જોઇએ, જીવનની દરેક બાબતો માં સંતુલન અને સમતોલ જાળવી શકે એ વ્યક્તિ જીવનના અંતિમ તબ્બકા સુધી માન સન્માનથી જીવી જતા હોય છે.

---

NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
વિષયઃ- માન-અપમાન
શિર્ષક :- નિર્લેપ મન

ના જીવવું મારે હવે,
સામાજિક પ્રશસ્તિ પત્રોના આધારે.
પરે થાવું છે હવે આ,
માન -અપમાનના કુંઠિત વિચારે.
જાણું છું કે અહીં મૂલ્ય અંકાય છે,
વ્યક્તિની ઉપયોગિતાને આધારે.
ઉપયોગી હોવ ત્યાં સુધી,
માન ને સન્માનની સરવાણી વરસે ચોધારે.
વ્યક્તિત્વને સાચેજ ક્યાં માન અપાય છે?
કિંમત તો રૂપ, રૂપિયા કે સત્તાની જ થાય છે.
નાણાં વગરનો નાથિયો ને,
નાણે 'નાથાલાલ' એથી જ તો કહેવાય છે.
બધા ગરીબ સુદામાને,
અહીં કૃષ્ણ મળતા નથી.
રાજા થઈ ગરીબના ચરણ પખાળે,
એવા માનના દિપક હૈયે પ્રજવળતા નથી.
અપમાન મનની કડવાશ છે કે
સામાજિક ભડાશ છે ?
બતાવે છે શું કે વ્યક્તિ નિરાશ છે કે
તૂટી એની કોઈ આશ કે વિશ્વાસ છે?
વાણી, વર્તન કે વ્યવહારથી,
જાણ્યે- અજાણ્યે અપમાન થાય છે.
નથી છેદવું હોતું ક્યારેક તોય,
કોઈનું હૃદય આરપાર વિંધાય છે.
ઘડી- બે ઘડીની આ ઘટનાથી,
અલિપ્ત ના રહી શકીએ?
વ્યક્તિત્વ ને સંબંધોના જતન માટે,
માન- અપમાનથી ઉપર ના ઉઠી શકીએ?

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર.

---

NOG SS No : 0013
પ્રકાર પદ્ય
વિષય : માન અપમાન
શીર્ષક : ભૂલી જા

માન ભૂલી જા,અપમાન ભૂલી જા.
કડવા ઘૂંટડાને, એમ જ તું પી જા,
કોણે નિંદા કરી કે હાંસી ઉડાડી
પાછળ જોવાનું હવે તું સદંતર ભૂલી જા,
લોકો છે,એટલે કાદવ તો ઉછળશે
વસ્ત્રો ધોવા નાખી બધું તું ભૂલી જા .
તને જે ગમે છે એની જ તું શોધ કર
ન મળે તો શોધનારને ભૂલી જા.
તું લખે છે એને ઈર્શાદ નહીં મળે
બસ લખીને એને હવે તું ભૂલી જા.
અહીં તો કેટલાય આવ્યા ને ગયા
કોણ તને યાદ રાખશે,એ પણ ભૂલી જા .

ઘનશ્યામ વ્યાસ.

---

NOG SS No : 0110
પ્રકાર : ગદ્ય- ચિંતન લેખ
વિષય : માન-અપમાન
શબ્દો : ૩૪૯
શીર્ષક : 'સંબંધોની માવજત'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

માન અને અપમાન બંને કોઇપણ વ્યક્તિના આત્મસન્માન, અહમ્ તથા અહંકારની માત્રા સાથે જોડાયેલી ઘટના છે. માન તેને કહેવાય જે ઠાલું ખુશામતથી ભરેલું ન હોય અને સાચે જ વ્યક્તિનું આત્મસન્માન વધારનારું હોય. જ્યારે અપમાન તે હોય છે, જેના થકી વ્યક્તિનો અહમ્ ઘવાય અને તેના આત્મસન્માનને ઠેસ પહોંચે. આત્મસન્માન કોને વહાલું ન હોય? કોનામાં રતીભાર પણ અહંકાર ન હોય? જીવનમાં આપણે સહુ જાણે અજાણે આપણા સંબંધોને માન-અપમાનની તુલાને હવાલે કરી દેતાં હોઈએ છીએ.

આપણા પૌરાણિક ગ્રંથોમાં જે માન-અપમાનની પરિસ્થિતિઓ, વ્યવહાર અને સંબંધોની સાચવણીના ઉદાહરણ દર્શાવવામાં આવ્યા છે તે તરફ પણ નજર નાખી જોઈએ. રામાયણમાં કંઈ કેટલાયે પ્રસંગોમાં માન-અપમાનની સમસ્યાઓ ઊભી થયેલી દર્શાવેલ છે. પોતાની પ્રિય પટરાણી હોવા છતાં રાણી કૈકૈયીએ રાજા દશરથને પુત્ર મોહમાં અંધ થઇને પુત્ર રામને વનવાસમાં મોકલવાની માંગણી કરીને અપમાનનો ઘા કરી કપરી પરિસ્થિતિમાં મૂકી દીધાં અને અંતે દશરથે પુત્ર વિયોગમાં પોતાનો જાન ગુમાવ્યો. બીજી તરફ ભગવાન રામ સંબંધોને મહત્વ આપી કોઈના પણ પ્રત્યે લેશ માત્ર દ્વેષ રાખ્યા વગર ક્ષણવારમાં રાજપાટ છોડીને વનવાસ ગ્રહણ કરી નીકળી પડ્યા. આ બધું તેમણે પિતાના આપેલ વચનનું માન જાળવવા અને માતા કૈકેયીની આજ્ઞાનું સંદેહ વગર પાલન કરવા કર્યું.

તે જ કિસ્સામાં એક બીજું પાત્ર માતા કૈકેયીના પુત્ર ભરતનું છે, જેના પુત્ર મોહમાં અંધ થઈ કૈકેયીએ તેને રાજપાટ અપાવવા પુત્ર રામના વનવાસની અઘટિત માગણી કરી. ભરતે ક્ષણવારમાં તેને મળેલ રાજપાટ ફગાવી દીધું અને રામની પાદુકાને પ્રતિકાત્મક રીતે રાજગાદી સુપ્રત કરી પોતે એક સેવકની ભાવનાથી ૧૪ વર્ષ રાજ્ય સંભાળી રાજા રામને તેમનું માન પરત કર્યું અને પોતે ઉત્કૃષ્ટ ભાતૃપ્રેમનું ઉદાહરણ બન્યા. રામાયણના ઉત્તરાર્ધમાં એક સામાન્ય ધોબીની સીતા માટે અપમાનજનક ટિપ્પણીઓ ઉપર મર્યાદા પુરુષોત્તમ શ્રીરામે સીતાનો અગ્નિપરીક્ષા પછી પણ ત્યાગ કરવો પડ્યો. આમાં શ્રી રામે રાજા હોવાના નાતે પ્રજાની લાગણીને માન આપ્યું.

ઉપરના એક પણ સંદર્ભો આજના યુગમાં આપણને ક્યાંય બંધબેસતા દેખાતા નથી, પરંતુ એક વાત તો ચોક્કસ છે કે તેમાંથી માન-અપમાનના કિસ્સાઓમાં સંબંધની માવજત કઈ રીતે થઈ શકે તેની શીખ જરૂર મળે છે. આજના યુગમાં પણ આપસી સંબંધોને જાળવી રાખવા અને ઉજળા બનાવવા આપણા અહમ્ અને અહંકારને એક હદ સુધી જો અવગણી શકીએ અને પરસ્પર સન્માન પ્રદર્શિત કરી શકીએ તો આજના યુગના ઘણા બધા પ્રશ્નો હલ થઇ શકે છે અને પતિ-પત્ની, સંતાનો, માતા-પિતા, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ અને તેવા ઘણા ગુંચવણભર્યા સંબંધોને તંદુરસ્ત બનાવી શકાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

# મદાવાદ જિલ્લાની તમામ હોટલો, ઢાબા અને ગેસ્ટમ હાઉસમાં રજીસ્ટલરો નિભાવવા આદેશ

અમદાવાદ જિલ્લાલની ગ્રામ્ય વિસ્તા રની હદમાં આવેલ હોટલો, ઢાબા, ગેસ્ટન હાઉસના માલિકોને નિયત કરેલા રજીસ્ટારો નિયમિત નિભાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ ફરમાવ્યોલ છે.જાહેર સલામતી અને સાવચેતીના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્યલ જિલ્લા?ના સમગ્ર વિસ્તાયરમાં હોટલો, ઢાબા અને ગેસ્ટન હાઉસો, કોલ સેન્ટયર, સાયબરકાફે અને પી.સી.ઓ.નો ઉપયોગ કરનાર તમામ મુસાફરો અને ઉપભોગતાની સંપૂર્ણ વિગતો નિયત કરેલા રજીસ્ટેરોરમાં નિયમિમત નિભાવવાનો આદેશ કરવામાં આવ્યોપ છે. આ સાથે કામગીરી કરનાર સમગ્ર સ્ટાતફ તેમજ માલિક મેનેજરની પણ સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેગશને નિયમિત રીતે જણાવવાની રહેશે. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# જાહેર સ્થખળોએ સીક્યુરીટી ગાર્ડ અને C.C.T.V કેમેરા કાર્યરત રાખવા આદેશ

અમદાવાદ જિલ્લાાની ગ્રામ્યગ વિસ્તાઝરની હદમાં આવેલ સમગ્રવિસ્તારમાંસમગ્ર મહેસૂલી વિસ્તારમાં જાહેર સ્થિળોમાં સીક્યુરીટી ગાર્ડ અને C.C.TV કેમેરા કાર્યરત કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ કર્યો છે.

શોપીંગ મોલ્સઆ, કોર્મશિયલ સેન્ટ.રો, રેસ્ટોતરન્ટા, ગેસ્ટલ હાઉસ, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, પેટ્રોલ પંપ, ટોલ પ્લાટઝા, બહુમાળી બિલ્ડીંબગ, પાવર હાઉસ તથા વધારે ભીડભાડવાળા વિસ્તારોમાં વગેરે જાહેર સ્થરળોએ સીક્યુરીટી ગાર્ડ રાખવા તેમજ નિયત રજીસ્ટલરો નિભાવવા આદેશ કર્યો છે. તમામ સ્થેળોએ C.C.T.V રેકોર્ડિંગ ચોવીસે કલાક કાર્યરત રાખવા તેમજ તેની જાળવણી પંદર દિવસ સુધી કરવી.

તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# બોપલ વિસ્તાયરમાં કામ કરનાર મજૂરો અને કડિયાઓની જાણકારી પોલીસ સ્ટેજશને કરવી

અમદાવાદ શહેર બોપલ પોલીસ સ્ટે શન વિસ્તા રમાં મકાન બાંધકામ માટે મજૂરો, કડિયા અને કારીગરો બહારગામ કે રાજ્ય બહારથી રોજગારી અર્થે કામ કરે છે. જાહેર સલામતી અર્થે આ સર્વેની સંપૂર્ણ વિગતો નજીકના પોલીસ સ્ટે શને જણાવવા અધિક જિલ્લા. મેજિસ્ટ્રે ટ શ્રી પરિમલ બી પંડ્યાએ આદેશ કર્યો છે. જે તે વિસ્તા.રના મુકાદમો કે કોન્ટ્રા કટરો કામકાજ માટે મજૂરો લાવે છે તેમની નોંધણી પોલીસ સ્ટેશનમાં ફરજિયાત કરવાની રહે છે. બહારથી આવનાર આ લોકો સર્વે આધારિત ગુના આચરે કે ગુનાગારીમાં મદદ કરે ત્યાયરે જાહેર હિત માટે તેમની સંપૂર્ણ જાણકારી પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી છે.

બોપલ ઉપરાંત અમદાવાદ જિલ્લાત ગ્રામ્ય વિસ્તાીરની હદમાં આવેલી કામગીરીની દરેક સાઇટ પર કામ કરનાર મજૂર, કડિયા કે કારીગરની નોંધણી કરવાની ફરજીયાત છે. તેમની સંપૂર્ણ વિગતો નિયમિત રીતે પોલીસ સ્ટેશનમાં જણાવવાની રહેશે. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

# રાજ્યકક્ષાના મંત્રી અરવિંદ રૈયાણીની અંધશ્રદ્ધા, માતાજીના માંડવામાં શરીર પર સાંકળ મારી

રાજકોટ,તા.૨૭

રાજ્યકક્ષાના મંત્રી અરવિંદ રૈયાણીના પરિવારના માતાજીનો માંડવામાં શરીર પર સાંકળ મારતા જોવા મળ્યા હતા. તેમનો શરીર પર સાંકળ મારતો આ વીડિયો ચર્ચાનો વિષય બન્યો હતો. સવાલ એ છે કે, એક મંત્રી પદના વ્યક્તિને આ પ્રકારની અંધશ્રદ્ધા ફેલાવવી કેટલી યોગ્ય લાગે. રાજ્યકક્ષાના મંત્રી અરવિંદ રૈયાણીના વતન ગુંદામાં માતાજીના માંડવાનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો. જેમાં રિવારમાં માતાજીના માંડવાના પ્રસંગમાં રૈયાણી પોતાને સાંકળ મારતા જોવા મળ્યા હતા. શ્રદ્ધા કહો કે અંધશ્રધ્ધા વર્ષોથી અરવિંદ રૈયાણી દર વર્ષે આવા માંડવામાં જોવા મળે છે. એટલુ જ નહિ, કાર્યક્રમમા ડાયરાની જેમ નોટોનો વરસાદ પણ કરાયો હતો. તાલુકા ભાજપ પ્રમુખ બાબુ નસીત પણ પ્રસંગમાં હાજર હતા અને તેમણે પર આ રીતે શરીર પર સાંકળ મારી હતી. ઉલ્લેખનીય છે કે, માતાજીના માંડવાની આમંત્રણ પત્રિકા છપાઈ હતી, તેમાં પણ તેમનુ ભુવા તરીકે નામ લખવામાં આવ્યુ હતું. હાલ રાજ્ય કક્ષાના મંત્રી અરવિંદ રૈયાણીનો વીડિયો વાયરલ થયો છે. જનપ્રતિનિધિની દરેક હરકત પર જનતાની નજર હોય છે, ત્યારે તેમનો અંધશ્રદ્ધાથી ભરેલો આ વીડિયો કેવો સંદેશ આપશે.

વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ કહ્યુ કે, ૨૧ મી સદીમાં આવુ કૃત્ય અને મંત્રી કક્ષાના વ્યક્તિ આવુ કરે તે યોગ્ય નથી. આવુ કૃત્ય નિંદા પાત્ર છે. અંધશ્રદ્ધા તરફ ધકેલવા અને અવિજ્ઞાનનો પ્રચાર કરવો યોગ્ય નથી. આનાથી લોકોમાં ખોટો સંદેશ જાય છે. ઉચ્ચ કક્ષાએ બેસેલા લોકો આવી હરકત કરે તે યોગ્ય નથી. હું સરકારને અપીલ કરુ છું કે, આવા મંત્રીઓને પડતા મૂકવા જોઈએ. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ફરજ છે કે લોકોમાં વૈજ્ઞાનિક માનસ કેળવાય તેવા કાર્યો કરવા અને તેને પ્રોત્સાહન આપવું. અરવિંદ રૈયાણીનું આ કૃત્ય ફરજ વિરોધનું છે. મંત્રી કક્ષાના લોકો સાંકળ લઈને ધૂણે અને પરંપરાના નામે પોતાનો બચાવ કરે તે અતાર્કિક છે.

CYMK

### અને અરૂણાબાએ પિતાના ઘરમાં કંકુ થાપા કરી વિદાય લીધી

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ઘરનુંઘર મેળવતા મહાવીર સિંહઝાલા

આલેખનઃ- મનીષાપ્રધાન

દીકરીને રંગેચંગે પરણાવવાની અને પોતાના જ ઘરેથી કંકુ થાપા સાથે તેની ભાવભીની વિદાય કરવાનું સપનું દરેક મા-બાપ સેવતા હોય છે, પણ આજેય એવા અનેક કુટુંબો છે જેમાં દીકરા-દીકરીની સગપણની વાત શરૂ થાય ત્યારે જ તેઓ પહેલા એ જુએ છે કે તેમના પોતાનું ઘરનું ઘર છે કે નહીં ??? એ પછી જ તેઓ સગાઈની વાત આગળ વધારે છે. એક એવા માતા- પિતા એટલે માતા કનકબા અને પિતા મહાવીરસિંહ ઝલુભા ઝાલા જેઓ દીકરી અરૂણાબાના લગ્નની સતત ચિંતા વ્યક્ત કરતા હતા ?.



''મારી દીકરીને પરણાવવાની ઉંમર જેમ થતી જતી હતી તેમ તેમ અમારી ચિંતા પણ વધતી જતી હતી કારણકે હું નાના એવા ગામમાં કાચા ઝુંપડામાં પોતાના પરિવાર સાથે રહું છું'' તેમ જણાવતા મહાવીરસિંહ ઝાલાએ પોતાની વ્યથા વર્ણવી. પરિવારનો સંપૂર્ણ આર્થિક આધારનો ભાર વહન કરતા મહાવીરસિંહ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ઉકરડી ગામમાં રહે છે અને વર્ષોથી ગામના ગોંદરે નાનકડો પાનનો ગલ્લો ચલાવી રહ્યા છે, જેમાંથી થતી ઓછી આવકમાં પરિવારનું જીવન નિર્વાહ કરે છે. તેમના પરિવારમાં તેમના પત્ની કનકબા, પુત્ર કુલદીપ સિંહ અને કરણસિંહ તથા પુત્રી અરુણાબા છે.

મહાવીર સિંહના બંને પુત્રને ધોરણ આઠના અભ્યાસ દરમિયાન જ અચાનક આવી પડેલી શારીરિક અશક્તિને કારણે કાયમી વિકલાંગતા આવી ગઈ. આ સમય દરમિયાન વરસાદી વાવાઝોડું અને કુદરતી આપત્તિ સમયે તેમનું પોતાનું નાનકડું એવું ઘર પણ ગમે ત્યારે ધરાશાયી થાય એવી સ્થિતિ ઊભી થઈ.પરિવાર માથે તો જાણે આભ તૂટી પડ્યું.. જો માથા પરથી અચાનક જ આશરો છીનવાઈ જશે તો તેઓ પોતાના પરિવાર સાથે ક્યાં જશે?? એની સતત તેઓ ચિંતા કરતા હતા. એ દરમિયાન અમદાવાદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઉકરડી ગામ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ અંતર્ગત ગામ લોકોને માહિતી આપવામાં આવી.

મહાવીરસિંહને ઘરના ઘર વિશેની જાણકારી મળતા તેમણે વધુ વિગતો માટે કચેરીનો સંપર્ક કર્યો ત્યાંથી સંતોષકારક જવાબ મળતા તેમનું ઘરના ઘરનું સપનું જાણે કે પુરૂ થતું લાગ્યું. ઉકરડી ગામમાં તેમને વારસામાં મળેલી પોતીકી જમીન જે હતી ત્યાંજ તેઓ કાચુ ઝુંપડું બાંધીને રહેતા હતા એ જગ્યા પર જ પાકુ ઘર બાંધવાનું નક્કી થયું.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નોંધણી થતા સપરમા દાડે એ જમીન પર પાયાનું ખોદકામ થયુ અને આવાસનું કામ શરૂ થયું. પ્રથમ તબક્કામાં ૩૦ હજાર રૂપિયા મળ્યા અને કામ વાયુવેગે હાથ ધરાયું..બીજા તબક્કામાં ૫૦ હજાર રૂપિયા અને ઘર સંપૂર્ણ બની જતા છેલ્લા તબક્કામાં રૂપિયા ૪૦ હજારની સહાય મળવાથી મહાવીરસિંહનું ઘરનું ઘર બંધાઇ ગયું. આ ઉપરાંત તેઓ મ્ન્લાભાર્થી હોવાથી મનરેગા યોજના હેઠળ પણ કામગીરી કરતા હોવાથી ૯૦ દિવસ સળંગ હાજર રહીને મજૂરી કરી હોવાથી તેની આવક સ્વરૂપે રૂ.૧૭,૨૮૦/- પણ મળ્યા.આમ કુલ રૂપિયા.૧,૩૭,૨૮૦/- ની મદદ મળવાથી ઘરના ઘરનું સપનું તેઓ સાર્થક કરી શક્યા. તેમણે માત્ર ચાર દિવાલો જ નહી પણ ઘરમાં લાઈટ,પાણી, શૌચાલય,અને બાથરૂમની વ્યવસ્થા કરી અને પરિવારજનો માટે સુખ-શાંતિનો આશરો નિર્માણ કર્યો. કહેવાય છે ને કે જે ઘરના આંગણામાં દીકરીના લગ્નનો માંડવો રોપાય એ ધરા ધન્ય બની જાય છે, અને જે માતા-પિતાને કન્યાદાન કરવાનો મોકો મળે છે તેઓ મહાદાન કર્યા સમર્થ ગણાય છે. ઉકરડી ગામમાં મહાવીરસિંહનું ઘરનું ઘર બન્યુ છે એવા સમાજમાં મેસેજ જવાથી તેમની યુવાન દીકરી અરૂણાબા માટે માંગા આવવાના શરૂ થયા. અને કુંકાવાવ ગામેથી આવેલા દિકરાના પરિવારને તેમનું સુંદર આવાસ જોતા જ પસંદ પડી જતા તુરંત જ લગ્ન નક્કી થયા. અને ૩ ફેબ્રુઆરી૨૦૨૨ ના રોજ રંગેચંગે અને નિર્વિઘ્ને અરૂણાબાના લગ્ન સંપન્ન થયા. દિકરીના કંકુથાપાથી એ ઘરની જાણે કે શોભામાં અભિવૃધ્ધિ થઈ.

આમ, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બનાવેલા ઘરમાં ઝાલા મહાવીરસિંહ અને તેમનો પરિવાર ખુબ ખુશીથી જીવન જીવી રહ્યા છે.

# આર.ટી.ઓ. કચેરીની અંદર અનઅધિકૃત ઇસમોના પ્રવેશ પર પ્રતિબંધ

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ પ્રાદેશિક વાહન વ્યેવહાર અધિકારીશ્રીની આર.ટી.ઓ. અને વસ્ત્રાકલ ખાતે આવેલ કચેરીમાં જાહેર જનતા આર.ટી.ઓ.ને લગતા કામકાજ માટે મોટા પ્રમાણમાં આવે છે. આ કચેરીની આસપાસ તથા તેની નજીકના સ્થંળે કેટલાક ઈસમો એકલા કે ટોળામાં જાહેર જનતા પાસેથી આર.ટી.ઓ.ના કામ કરાવવા માટે છેતરપિંડી તથા ગેરમાર્ગે દોરી પૈસા પડાવે છે. આથી ઉપરોક્ત કચેરીઓ ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળીઓ દ્વારા જાહેર જનતાને ગેરમાર્ગે દોરી નાણાં પડાવા જેવી ગેરકાયદેસર ઈરાદાઓ ધરાવતી વ્યઓક્તિઓના પ્રવેશ પર શહેર પોલીસ કમિશનર, અમદાવાદે પ્રતિબંધ ફરમાવ્યો છે. તા.૦૧-૦૬-૨૦૨૨ના ૦૦.૦૦ કલાકથી તા.૩૦/૦૭/૨૦૨૨ ના ૨૪-૦૦ કલાક સુધી અમલી આ હુકમનો ભંગ કરનાર ગુજરાતપોલીસએક્ટનીકલમ -1358 મજબ શિક્ષાપાત્ર ઠરશે એમ જાહેરનામામાં ફરમાવાયુંછે. આ હુકમ અન્વબયે અમદાવાદ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાનાં કોઈપણ પોલીસઅધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ કરવા માટે અધિકૃત પણ કરવામાં આવેલ છે.

# અમદાવાદ જિલ્લામાં ઉશ્કેરણીજનક કૃત્યો પર પ્રતિબંધ

અમદાવાદ જિલ્લામની ગ્રામ્યી વિસ્તાયરની હદમાં આવેલ સમગ્ર વિસ્તારમાં શાંતિ અને સલામતી માટે અઢી ઈંચથી મોટા શસ્ત્ર, દંડા, લાઠી રાખવા પર તેમજ સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જાહેરસલામતી અનેશાંતિ ડહોળતા ચેનચાળાવાળા ઉશ્કોરણી જનક ભાષણો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સળગતીમસાલ,સરઘસ કે બૂમો પાડવા તેમજ પૂતળા બાળવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જે માણસ સરકારી નોકરી અથવા કામગીરીમાં રોકાયેલ હોય તેમજ ઉપરી અધિકારીએ હથિયાર લઇ જવાનું ફરમાવ્યુ઼ હોય કે જેની ફરજ હોય તેને આ હુકમ લાગુ પડશે નહીં. તા. ૦૮-૦૪-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પરિમલ બી પંડ્યાએ જણાવ્યું છે.

### દર મહિને જિલ્લાના સરેરાશ ૮૭૯૮ પરિવારને મળે છે સુવિધા

# અમદાવાદ જિલ્લાના કુલ ૧,૦૫,૨૧૮ રાશનકાર્ડ ધારકોને મળ્યો વન નેશન વન રાશનકાર્ડનો લાભ

'સૌના સાથ સૌના વિકાસ'ના નિર્ધાર સાથે શરૂ કરવામાં આવેલી સરકારના અનેક જનહિતકારી કાર્યક્રમો અને યોજનાઓએ માત્ર દેશમાં જ નહિ, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રશંસા હાંસલ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને માર્ગદર્શન અનુસાર ભારત સરકાર દ્વારા 'વન નેશન વન રાશનકાર્ડ' નામની ક્રાંતિકારી યોજનાનો વર્ષ ૨૦૧૯માં પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાએ અનેક શ્રમજીવી પરિવારોના રોજિંદી જીવનમાં ખુશી અને નિરાંતની એક લહેર જગાવી છે.

આપણે જાણીએ છીએ કે રોજગારીની વધુ સારી તક માટે લોકો પોતાના વતનથી દૂર જતા હોય છે. પરિવાર સાથે અન્ય શહેર, જિલ્લા કે રાજ્યમાં જવાનું થતાં તેઓ રાશન કાર્ડના લાભથી વંચિત રહેતા હતા. ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારો માટે રાશનની દુકાનેથી મળતી વસ્તુઓ એક મોટી રાહતરૂપ હોય છે. આવા પરિવારો માટે કેન્દ્ર સરકાર દ્વારા વરદાનરૂપ વન નેશન વન રાશનકાર્ડ યોજના શરૂ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩અંતર્ગત આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વન નેશન વન રાશનકાર્ડ યોજના અંગે લાભાર્થીઓને જાણકારી આપવાથી લઈને 'મેરા રાશન ×એપ્લિકેશન ડાઉનલોડ કરવા સહિત બાબતોથી માહિતકાર કરવા માટેની કામગીરી અમદાવાદ જિલ્લામાં ખૂબ સારી રીતે ચાલી રહી છે. આને પરિણામે અમદાવાદ જિલ્લામાં કુલ ૧,૦૫,૨૧૮ રાશનકાર્ડ ધારકો આ યોજનાનો લાભ મેળવી શક્યા છે. મે-૨૦૨૧ થી એપ્રિલ-૨૦૨૨ના અમદાવાદ જિલ્લાના આંકડા જોઈએ તો અમદાવાદ શહેરના ૯૩,૩૮૯ અને અમદાવાદ ગ્રામ્યના ૧૧,૮૨૯ રાશનકાર્ડ ધારકોએ વન નેશન વન રાશનકાર્ડ યોજનાનો લાભ પ્રાપ્ત કર્યો છે. વિગતે જોઈએ તો જિલ્લાની અંદરના કુલ લાભાર્થીઓની સંખ્યા ૬૦,૦૫૭ છે તો અન્ય જિલ્લાના ૩૩૦૫૭ જેટલા રાશનકાર્ડ ધારકોએ પણ આ યોજનાનો લાભ મેળવ્યો છે.

અહીં નોંધનીય છે કે ગુજરાત બહારના હોય પરંતુ ધંધા રોજગાર અર્થે અમદાવાદ જિલ્લામાં આવીને વસેલા પરપ્રાંતીય રાશનકાર્ડ ધારકો સુધી પણ આ યોજના થકી રાશન મેળવતા થયા છે. અમદાવાદ શહેરમાં ૧૧,૧૧૫ અને અમદાવાદ ગ્રામ્યમાં ૯૮૯ એમ કુલ -૧૨,૧૦૪ જેટલા પરપ્રાંતીય રાશનકાર્ડ ધારકોએ આ યોજનાનો લાભ મેળવ્યો છે. ઉપરોકત આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના ઉપરાંત અન્ય રાજયના રાશનકાર્ડ ધારકો માટે આ યોજના ઘણી ઉપકારક સાબિત થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરના નારોલ, ઈસનપુર, નરોડા, ચંડોળા તળાવ, કિસ્મતનગર, પુષ્પાનગર, ગંગાનગર, ઓઢળ અને વસ્ત્રાલ જેવા અમદાવાદના શહેરી વિસ્તારો ઉપરાંત અમદાવાદના ગ્રામ્ય વિસ્તારના સાણંદ અને બાવળા તાલુકાના જીઆઈડીસી વિસ્તારોમાં રહેતા પરપ્રાંતીય શ્રમિકોએ આ યોજનાનો મહત્તમ લાભ લીધો છે. આંતરજિલ્લાના લાભાર્થીઓની સંખ્યા પણ ૩૩,૦૫૭ જેટલી વધારે રહેવા પામી છે, જે આ યોજનાની સફળતાની સાબિતી રૂપ છે.

### ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ખાતે

# ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૫ દિવસીય ડિઝાઈન બૂટ કેમ્પનું આયોજન કરાયુ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ( જીટીયુ ) ટેક્નિકલ જ્ઞાનનો પ્રચાર પ્રસાર થાય અને ટેક્નિકલ અભ્યાસ સાથે જોડાયેલા ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓમાં નવીનતમ ટેક્નોલોજીનો વ્યાપ વધે તે અર્થે તો સતત કાર્યરત રહે જ છે. પરંતુ ધોરણ ૮થી લઈને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ શાળાકીય અભ્યાસ દરમિયાન જ ટેક્નોલોજી પ્રત્યે પ્રેરાય અને ડિઝાઈન , ઈનોવેશન જેવી પ્રવૃત્તિમાં ભાગ લે તે અર્થે દર વર્ષે જીટીયુ દ્વારા ડિઝાઈન બૂટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨નો બૂટ કેમ્પ આગામી તારીખ ૩૦ મે થી ૩ જૂન સુધી યોજાશે.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડો. નવીન શેઠે જણાવ્યું હતુ કે, ટેક્નોક્રેટ યુગમાં વિદ્યાર્થીઓ નીતનવા પ્રયોગો કરીને ટેક્નોલોજીના વિકાસ થકી આત્મનિર્ભર ભારત અભિયાનમાં સહભાગી થશે. જીટીયુના કુલસચીવ ડૉ. કે. એન. ખેરે ડિઆઈસી ઈન્ચાર્જ ડૉ એસ. કે. હડિયા અને કો ઓર્ડિનેટર પ્રો. રાજ હકાણીને સફળ સંચાલન માટે શુભકામના પાઠવી છે.

૫ દિવસી સુધી ચાલનારા આ બૂટ કેમ્પમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. જેનો મુખ્ય હેતુ આજના યુવા ટેકનોક્રેટના વિચારો અને તેમની આવડતથી સમાજની વિવિધ સમસ્યાઓનું ટેક્નોલોજી અને ઈનોવેશનની ડિઝાઈનનું નિર્માણ કરીને સમાધાન મેળવવાનું છે.

બૂટ કેમ્પના પ્રથમ ૨ દિવસ માટે વિદ્યાર્થીઓને પ્રોબ્લમ સોલ્વિગ અને ક્રિટીકલ થીંકિંગ થોટ ડિઝાઈન પ્રોસેસ પર માર્ગદર્શન આપવામાં આવશે. ત્રીજા દિવસે પ્રોગ્રામીંગ અને ઓટોમેશન શિખવવામાં આવશે . ચોથા અને પાંચમાં દિવસે અનુક્રમે ગેમ ડેવલોપમેન્ટ , સ્ટોરી ટેલીંગ ઈન પ્રોગ્રામીંગ અને ૩- ડી પ્રિન્ટીંગ જેવા વિષયો પર અવગત કરાવીને તેમના દ્વારા વિવિધ ઈનોવેટીવ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવશે. બૂટ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ https://forms.gle/iSmyNgAGyQNSkQmPA લિંક પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. આગામી મહિનામાં ભારતના દરેક રાજયોના વિદ્યાર્થીઓને આ લાભ મળી શકે તે માટે ઓનલાઈન બૂટ કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે.

વ્રજ મણીયાર



હારીજ રેન્જ આઈજી સ્કોડ ભુજદ્વાર ત્રણ ઓવરલોડ રેત પરીવહન કરી રહેલ ટર્બો ટ્રક ઝડપ્યા બનાસ નદી પટમાં થી બિનઅધિકૃત રેત ભરી પરિવહન કરી રહેલ નંબર પ્લેટ વગરની બે ટર્બો ટ્રક અને એક ટર્બો ટ્રક નંબર g j 24 0275 ઝડપી જે જે વજન કોટો કરતા ત્રણે ટર્બો ટ્રક માં ૨૮ ટન પાસિંગ ધરાવતી ટર્બો ટ્રક ૫૧ ટન બિન અધિકૃત રેત ભરેલી હતી જે ટર્બો ટ્રકો ભુજ રેન્જ આઈજી સ્કોડ પી એસ આઇ નિર્મલસિંહ દ્વારા ટર્બો ટ્રકો વધુ કાર્યવાહી હાથ ધરવા હારીજ પોલીસ મથકે સોપવામાં આવી હતી બનાસ નદી પટમાં બે રોક ટોક બિન અધિકૃત ઓવર લોડ રેતી ભરી પરિવહન કરી રહેલ ટર્બો ટ્રકો ભુજ રેન્જ અધિકારીઓ દ્વારા ઝડપવામાં આવે છે ત્યારે સ્થાનિક પાટણ ખાણ ખનીજ વિભાગ અધિકારીઓ પત્રમ પુષ્પમ મા અંધ બન્યા હોઈ ભૂ.માફિયા સરકારી તિજોરીને લાખોનો ચૂનો લગાવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો વિસ્તારના જાગૃત નાગરિકોમા જોવા મળી રહ્યા છે.રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

### આજે વડાપ્રધાન મોદી ગુજરાતમાં

# રાજકોટમાં રાજકોટ ખાતે નવનિર્મિત 'માતુશ્રીની ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે

રાજકોટ,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે ગુજરાતની મુલાકાતે આવશે જયાં તેઓ નવનિર્મિત હોસ્પિટલની મુલાકાત લેશે, સહકારી વડાઓની કોન્ફરન્સને સંબોધશે અને નેનો યુરિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન કાર્યાલયે આ જાણકારી આપી.

પીએમ નરેન્દ્ર મોદી રાજકોટમાં રાજકોટ ખાતે નવનિર્મિત 'માતુશ્રીની ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે, એમ એક નિવેદનમાં જણાવાયું છે. તેઓ એક કાર્યક્રમને પણ સંબોધિત કરશે. નિવેદન અનુસાર, સાંજે ૪ વાગ્યે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સહકાર સે સમૃદ્ધિ' વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓના વડાઓની કોન્ફરન્સને પણ સંબોધિત કરશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલોલમાં ઈફકો ખાતે બનેલ નેનો યુરિયા (લિક્વિડ) પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કરશે.

ગુજરાતનું સહકારી ક્ષેત્ર સમગ્ર દેશ માટે રોલ મોડલ રહ્યું છે, એમ નિવેદનમાં જણાવાયું છે. રાજયના સહકારી ક્ષેત્રની ૮૪,૦૦૦ થી વધુ મંડળીઓમાં લગભગ ૨૩૧ લાખ સભ્યો છે. ગુજરાતમાં સહકારી ચળવળને વધુ મજબૂત કરવા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે "સહકાર સે સમૃદ્ધિ" સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ સહકારી સંસ્થાઓના વડાઓ ભાગ લેશે. નિવેદનમાં જણાવાયુ છે કે રાજ્યની સહકારી સંસ્થાઓના સાત હજારથી વધુ પ્રતિનિધિઓ આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે. ખેડૂતોને ઉત્પાદન વધારવા અને તેમની આવક વધારવામાં મદદ કરવા માટે, પ્રધાનમંત્રી ૧૭૫ કરોડના ખર્ચે બનેલ ઈફકો ખાતે કલોલ ખાતે નેનો યુરિયા પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કરશે, એમ તેમાં જણાવાયું છે. પીએમ નરેન્દ્ર મોદી રાજકોટમાં નવનિર્મિત 'માતુશ્રી કે ડીપી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ'ની મુલાકાત લેશે. જેનું સંચાલન શ્રી પટેલ સેવા સમાજ દ્વારા કરવામાં આવે છે. આ વિસ્તારના લોકોને વિશ્વ કક્ષાની આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.

# ડાંગ જિલ્લાના આહવા, વઘઈ, અને સુબિર ખાતે યોજાશે 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર'

આહવા : તા : ૨૭

રાજય સરકારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા, રાજયભરના ધોરણ- ૮ થી ૧૨ ના વિધાર્થીઓને કારકિર્દી ઘડતર અંગેનુ યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી શ્રેણીબધ 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર' નુ આયોજન કરાયુ છે.

જે મુજબ રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લામા પણ જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ત્રણે તાલુકાઓ આહવા, સુબિર અને વઘઈ ખાતે સેમિનારો આયોજિત કરવામા આવ્યા છે.

નિયત કાર્યક્ર્મ અનુસાર તા.૩૦/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા દરમિયાન જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા સ્થિત ડો.આંબેડકર ભવન ખાતે જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર' યોજાનાર છે.

જયારે તા.૦૪/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૩૦ વાગ્યા થી ૧૨:૦૦ વાગ્યા દરમિયાન વઘઈ તાલુકાનો કાર્યક્ર્મ કૃષિ યુનિવર્સિટી-વઘઈ ખાતે, અને તા. ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૩૦ વાગ્યા થી ૧૨:૦૦ વાગ્યા દરમિયાન સુબિર તાલુકનો કાર્યક્ર્મ ઔધોગિક તાલીમ સંસ્થા, સુબિર ખાતે આયોજિત કરાયો છે.

આ તમામ કાર્યક્રમનો તાલુકા/જિલ્લા કક્ષાના ધોરણ- ૯ થી ૧૨ના વધુમાં વધુ વિધાર્થીઓ લાભ લે, તે માટે જિલ્લા શિક્ષણાનાધિકારી શ્રી એમ.સી.ભુસારાએ અપીલ કરી છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

### સદભાવના વૃદ્ધાશ્રમને તેનાં અનેકવિધ સેવાકીય કાર્યો માટે આશિર્વાદ આપ્યા

# વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. ભુપેન્દ્રભાઈ પંડ્યાજી સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાતે પધાર્યા

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજના કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વડીલો નિરાધાર બનતા જાય છે.

સદભાવના વૃધ્ધાશ્રમ આવા વડીલોને સાચવવાનું કાર્ય કરે છે. આ વૃદ્ધાશ્રમ ગુજરાતનું સૌથી મોટું વૃદ્ધાશ્રમ છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મનાં ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધો પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે.





આ વૃધ્ધાશ્રમમાં હાલ ૩૭૫ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૭૫ વડીલો તો પથારીવશ (ડાઈપર વાળા) છે. સંસ્થા દ્વારા અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ ઉલ્લાસભેર કરવામાં આવે છે. ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનાં સંકલ્પ સાથે કાર્યરત સદભાવના વૃધ્ધાશ્રમ આજે દરેક શેરીઓ, મહોલ્લાઓ અને સૉસાયટીઓમાં જાણીતું બન્યું છે. તે રાજયને ગ્રીન બનાવવાનું પણ અભિયાન ચલાવી રહયું છે જે અંતર્ગત ખૂબ ટૂંકા સમયમાં ૧૫,૦૦,૦૦૦ વૃક્ષો વિનામૂલ્યે પીંજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યું છે. તેના જતન માટે સંસ્થાનાં ૧૨૦ ટ્રેક્ટર અને ૧૨૦ ટેક્કર વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી ૬૦૦ લોકોનો પગારદાર સ્ટાફ આ અભિયાન ચલાવી રહી છે તેમજ સંસ્થા દ્વારા બળદ આશ્રમ પણ ચલાવામાં આવે છે જેમાં ૫૦૦ બળદોને આશરો અપાયો છે. સંસ્થાના તમામ અભિયાન પાછળ અંદાજીત ૯૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. સદભાવના વૃદ્ધાશ્રમમાં પૂજય ગુરુજી, વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. ભુપેન્દ્રભાઈ પંડ્યાજી મુલાકાતે પધાર્યા હતા.

તેમણે સંસ્થાને તેમની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ ખુબ જ અભિનંદન આપ્યા હતા.

'અમારે માવતર જોઈએ છે' તેવી સદભાવના વૃદ્ધાશ્રમની અનોખી જાહેરાત માટે તેમણે સંસ્થાને અભિનંદન પાઠવ્યા તેમજ વડીલોની સેવા કરવા બદલ આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સમાજ શ્રેષ્ઠીઓ છબીલભાઈ પોબારુ, રમેશભાઈ ઠક્કર, વિજયભાઈ ડોબરિયા, ધીરેન્દ્રભાઈ કાનાબાર, ગૌરાંગભાઈ ઠક્કર, ડૉ ભાવેશ કાનાબાર, ડો.પરાગ દેવાણી તેમજ પરેશ ગોકાણીએ પૂજય ગુરુજી, વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. ભુપેન્દ્રભાઈ પંડ્યાજીનું સ્વાગત કર્યું હતું. સંસ્થાની માનવ સમાજ તેમજ પર્યાવરણને લગતી સેવાઓ બદલ તેને વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. ભુપેન્દ્રભાઈ પંડ્યાજી દ્વારા બિરદાવવામાં આવી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.